અમ કાજ ધરા પર અવતરજો

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ॐ
મા
ॐ

## પરમ શક્તિ મંત્ર

## ॐ મા ॐ



## રાજ્યોગી નરેન્દ્રજી

ॐ
મા
ॐ

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ॐ ।।

(વર્ષ ૧૮) એપ્રિલ- ૧૯૯૯ (અંક ૧)

Scanned by CamScanner

|| ૐ મા ૐ || || જય ગાયત્રી મા || || ૐ મા ૐ ||

વર્ષ : ૧૮
અંક : ૧

# આધ્યાત્મિક કેડી

એપ્રિલ
૧૯૯૯

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦ ૦૧૫.



## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | હરીભરી વાડીમાં પરસનબા................ | ૧ |
| ૨. | જગતને રાજયોગેશ્વર દે જે .............. | ૩ |
| ૩. | પાટોત્સવ.................................... | ૪ |
| ૪. | સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા................ | ૫ |
| ૬. | સ્વાગત એકવીસમી સદી ................. | ૭ |
| ૭. | મારૂં મન અને રાજયોગી .................. | ૧૧ |
| ૮. | અમકાજ ધરા પર અવતરજો.............. | ૧૨ |
| ૯. | પ્રેતાત્મા - મુક્તિયજ્ઞ ...................... | ૧૪ |
| ૧૦. | માનવતાદિન - ૧૯૯૮ પ્રશ્નોતરી ......... | ૧૬ |
| ૧૧. | વાચા એક પ્રેતની........................... | ૨૬ |
| ૧૨. | શિવરાત્રી .................................... | ૨૭ |
| ૧૩. | પૂ. રાજયોગીજીનો વિદેશ કાર્યક્રમ........ | ૩૨ |
| ૧૪. | સમાચાર .................................... | ટાઈટલ-૩ |
| ૧૫. | પૂ. રાજયોગીજીનો વિદેશ કાર્યક્રમ........ | ટાઈટલ-૪ |


ૐ મા ૐ

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ (૧૦/-)

ૐ

❀ પ્રકાશક ❀
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ
સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ
બંગલા પાસે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.



મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૫૪૬ ૮૧૨૦

Scanned by CamScanner

# હરીભરી વાડીમાં પરસનબા



**પૂજ્ય પરસનબા,**

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના માતુશ્રી રાજમાતાએ તેમના જીવનના શતકમાં પ્રવેશ કર્યો. તા. ૯-૧૨-૯૮ ના દિવસે આ અલૌકિક, મહાન માવડીનો જન્મશતાબ્દિ મહોત્સવ, પી. જી. મહેતા મેમોરીયલ હોલમાં સહુ સગાં સબંધી, સ્નેહી મિત્રો અને પૂજ્ય રાજયોગીજીના ભક્ત સમુદાયની ઉપસ્થિતિમાં દબદબાપૂર્વક ઉજવવામાં આવ્યો.

સવારે ૯-૩૦ વાગે સુંદર રીતે શણગારેલી લાલ ગાડીમાં પૂજ્ય બહેનજીની આગેવાની હેઠળ પૂજ્ય રાજમાતાની સવારી આવી પહોંચી. જન્મદિન મુબારકબાદ આપતા સંગીતના સુરો, અને બેન્ડવાજાના પડધમ સાથે સાથે બાને વધાવતાં, બિરદાવતાં અને શુભેચ્છા પાઠવતા વિવિધ બેનર્સ હાથમાં રાખીને બાની વાડીના પુષ્પો અને શુભેચ્છકો અતિ આનંદથી ઝૂમી રહ્યાં હતાં. બાની પાંચ પેઢીનો પરિવાર, સગાંસ્નેહીઓ અને ભક્તો બાના દર્શન માટે અધીરાં બન્યાં હતાં.

પૂજ્ય બાને પાલખીમાં બેસાડી નાચતાં કુદતાં ગાતા, ઝૂમતાં સહુ આ અનોખા શતક મહોત્સવને માણતા હતાં. રાહદારીઓ અને રહીશો આનંદાશ્ચર્ય બની સવારીને નીરખી રહ્યાં હતાં. પૂજ્ય રાજમાતાની પાલખી ઉંચકવાનો આદર, આગ્રહ અને ઉમંગ સહુમાં વર્તતો હતો. સીલ્કની આછા બદામી રંગની સાડી અને મુગટમાં પૂજ્ય બાનું દિવ્ય સ્વરૂપ શોભી રહ્યું હતું.

જન્મદિન મુબારકબાદી, હેપી બર્થડે અને પરસનબાની જયહો વિગેરે વિવિધ જયઘોષ સાથે રાજમાતાની સવારી પી. જી. મહેતા હોલમાં પ્રવેશી.

હોલનો સમગ્ર માહોલ પ્રેમ, વાત્સલ્ય, આનંદ અને આધ્યાત્મિકતાથી મહેંકતો હતો. સ્ટેજ પર શતક મહોત્સવનો સંદેશ આપતાં પોસ્ટરો, પૂજ્ય બાના શિવ ઉપાસનાની તસ્વીરો, તેમજ જીવન



Scanned by CamScanner

જીવવાનો સંતોષ અને સુખ માણતાં બાની પરિવાર સાથેની વિવિધ તસ્વીરો પ્રેરણા અને આનંદ પ્રદાન કરતી હતી. સ્ટેજ પર બાની પાંચ પેઢીનો પરિવાર બાને વિંટળાઈને બેઠો હતો.

મહોત્સવ ઉજવણીનો પ્રારંભ થયો પૂજ્ય બાએ જ્યોત જલાવી, દીપ પ્રગટાવ્યો, સ્વહસ્તેજ 'કેક' કાપી પરિવારને ખવરાવી અને રાજાના હાથે પોતે આરોગી. પૂજ્યબાના પૌત્ર યોગેશભાઈએ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન અને સંકલન પોતાની આગવી સાહિત્યિક શૈલીમાં રસભર રીતે કર્યું હતું. દાદા, દાદીના જીવનની વિવિધ હકીકતોને આવરી લેતું સંકલન પ્રેરણાદાયી હતું.

"પ્રેમનું વિશ્વ બનાવીએ" એવા ભાવવાહી શબ્દોને વણી લઈને પ્રાર્થના નૃત્ય પૂજ્યબાની પ્રપૌત્રી ચિ. દેવાંગનાએ બહુ જ ભાવ સાથે રજુ કર્યું હતું.

સંસ્કૃતના પ્રકાંડ પંડિતો, વિદ્વાનો અને શુભેચ્છકોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. અને સાંપ્રત સમયના શ્રવણ સમા રાજયોગીજીની માતૃભક્તિને બિરદાવી હતી. અને યુવાપેઢીના પ્રેરણા સ્ત્રોત ગણાવ્યા હતા. શ્રી ગૌડ જ્ઞાતિના મહાનુભવોએ તેમજ સગાં સ્નેહી, આપ્તજનોએ પોતાની શુભેચ્છા પાઠવી, શાલ ઓઢાડી અહોભાવ વ્યક્ત કર્યો હતો.

આજના યુગમાં વડીલો, વૃદ્ધમાતા પિતા, દાદા, દાદીની ઘરમાં ઉપેક્ષા થતી હોય અને વૃધ્ધાશ્રમો ઉભરાતાં હોય ત્યારે આદર સાથે ઉજવાતો શતક મહોત્સવ અનેકને પ્રેરણાપ્રદાન કરશે તેવો ભાવ સહુ ના મુખ પર વર્તાતો હતો.

પૂજ્ય રાજયોગીજીએ વાત્સલ્યના અતીતમાં ખોવાઈ જઈને માતાપિતા સાથેના સ્નેહસંભારણાં લાગણીસભર વાણીમાં વ્યક્ત કર્યા હતાં. પૂજ્યશ્રીનું વકતવ્ય અનેકના જીવનમાં આદર્શ પૂરો પાડે અને સાચા માનવ બનાવે, માનવતાથી મહેંકતું જીવન બનાવે તેવું છે.

**" અણહક્કની એક પાઈ પણ ઘરમાં ન આવે નહિંતો આપણા સુખશાન્તિ હણાઈ જશે."**

સુખ શાંતિ માટે સાત્વિક ધનની, શુભલક્ષ્મીની જરૂર છે. શુભલક્ષ્મીમાંજ સુસંસ્કાર નો, સચ્ચાઈનો રણકો હોય છે. પ્રસંગની સમાપ્તિમાં કુટુંબ પરિવાર અને સ્નેહીજનોને "અમૃતકુંભ"ની સ્નેહ ભરી ભેટ પ્રદાન કરવામાં આવી હતી. મનભર સભર જમણ પીરસવામાં આવ્યું હતું. નાચગાન, ગીત ગરબા સાથે મહોત્સવ ઉજવણીની સમાપ્તિ કરવામાં આવી હતી. બપોરે સાડા બાર વાગે પૂજ્ય રાજમાતાએ એ આત્મિયજનોના અભિવાદન ઝીલતાં ઝીલતાં હોલમાંથી વિદાય લીધી હતી.

## પૂજ્ય ગુરૂદેવના માતાપિતા સાથેના સ્નેહ સંભારણા

**વ્હાલા આત્મિયજનો,**

મારા વ્હાલા બાના શતાબ્દિ મહોત્સવમાં આપ સર્વેનું હું હાર્દિક સ્વાગત કરૂં છું. અને આપની ઉપસ્થિતિથી મારા બાની લીલીવાડીના સહુ પુષ્પો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

મારા બાની જીવન યાત્રા સુપેરે શતકના આરે આવી રહી છે. મારા બાની જન્મશતાબ્દિની ઉજવણી દવે કુળનું અહોભાગ્ય અને ગૌરવ બની રહેશે.

આ શુભ પ્રસંગે પૂજ્ય બાના વાત્સલ્યના અતીતમાં ડૂબકી મારી સ્નેહ સંભારણાના મોતીની માળા ગૂંથવાની મઝા માણી લઉં છું. મારા શૈશવથી જ મારા બા બાપુજીએ મારા તન, મન, બુધ્ધિ અને આત્માને સુપુષ્ટ કરવા માટે શિસ્ત, શ્રમ, સ્વાશ્રય, સેવા અને સત્યાચરણના રંગમાં મને રંગી દીધો હતો અને મીઠા વાત્સલ્યથી આ રંગને ઘેરો બનાવતા રહ્યા હતાં.

ભક્તિ અને સંત સમાગમનો વારસો તો મને ગળથૂથીમાંથી જ મળ્યો હતો. મારા બાના મીઠા સૂરે



Scanned by CamScanner

ગવાતા પ્રભાતિયાં, ભજનો, મંત્રોચ્ચાર હજુ પણ મારા કર્ણપટલ પર ગૂંજ્યા કરે છે મારા બાની આંગળી પકડી મંદિરે ને સત્સંગમાં જતો. મારી જીવનનાવને ભક્તિસાગરમાં વહેતી કરવામાં મારા બાનો ફાળો મહત્વનો છે."બેટા અણહક્કની એક પણ પાઈ ઘરમાં ન આવે, નહિંતર આપણી સુખ શાંતિ હણાઈ જશે". નોકરી પર જતાં બા, બાપુજીને ચરણવંદના કરતો ત્યારે આવી શીખ દરરોજ સાંભળવા મળતી. પુરૂષાર્થની કમાણીને મેં મારો જીવન રાહ બનાવી, આ અમૂલ્ય શીખને મેં મારા જીવન વ્યવહારમાં વણી લીધી છે.

નિલોષા પર અને કુટીરમાં જતાં આવતાં બાનું અભિવાદન ઝીલીને જ જવાનું અને તે વેળા, "મારા રાજાને ઘણી ખમ્મા, દીકરા, અમર રહેજો તમારી કાયા", કહી આશીર્વાદ આપતાં, તાળીઓ પાડતાં અને ખડખડાટ હસતાં આનંદને અભિવ્યક્ત કરતાં, વાત્સલ્યની વર્ષા કરે છે. તે જ મારૂં પરમ સૌભાગ્ય છે. આજે પણ બાની સાથે જ ડાઈનીંગ ટેબલ પર સવારે નાસ્તો કરવા અને સાંજે જમવા બેસવું જ પડે.વળી ટેબલ પર ફુલ ફોરમ જોઈએ નહિંતો બા દરેકની પૃચ્છા કરે, અને સંતોષ કારક જવાબ મળે પછી જ શાંતિ થાય.

બા પોતાની જાતે હરી ફરી શકે છે. જાતે સ્નાન કરે છે, જમવા માટે ત્રણ વખત સવાર બપોર સાંજ ટેબલ પર આવીને જમી શકે છે.

બાના પડતા બોલને ઉઠાવવો, બાની દરેક જરૂરિયાતને સંતોષવી અને "બાની ખુશી એ જ અમારી ખુશી" તેવી પ્રણાલિ અમે પ્રસ્થાપિત કરી છે. કૃશકાયા સિવાય બા-મન અને આત્માથી સંપૂર્ણ સ્વસ્થ છે. અને પરમના સતત સાનિધ્યમાંજ રહે છે. આજે પરમશક્તિ મા ભગવતીનો શ્રધ્ધામાં નિવાસ કર્યે ૧૦ માં વર્ષમાં પ્રવેશ થયો અને મારા પરમ ભગવદીય માતૃશ્રીનો ૧૦૦મા વર્ષમાં પ્રવેશ થયો કેવો સુંદર યોગનુયોગ!

રાજયોગી નરેન્દ્રજી

**બંને જનેતાને મારા કોટીકોટી વંદન.**

ૐ મા ૐ

## જગતને રાજયોગેશ્વર દેજે......

(રાગ-મૂર્તિ મનોહર ધડી)

શ્રી મુંજાલભાઈ દવે

જગતને રાજયોગેશ્વર દેજે.....
કલિયુગ કેરા કારાવાસમાં કૃષ્ણજનની બની રે'જે. ...... જગતને.....
દેવકીના દલડાનું દરદ મા! પરસન થઈ સહી લેજે,
'રાજા' કાજે જગજનનીને, જશોદા થવા દેજે. ...... જગતને.....
કાં કૌશલ્યા થઈને માડી! કાયા બ્રહ્મને દેજે,
રાગ-દ્વેષનાં રાવણ રોળવા, રામ અવધને દેજે. ...... જગતને.....
યુગે યુગે ૐકારેશ્વરને ઉદર સમાવી લેજે,
'રાજા'રૂપે માનવલોકને , મૂર્તિ મનોહર દેજે. ...... જગતને.....
રાજજનની હે માત પ્રસન્ના, વંદન 'મુંજ' ના લેજે,
'આશરવાદ'નું અમરત ઢોળી, અંતર ભીંજવી દેજે. ...... જગતને.....



Scanned by CamScanner

# પાટોત્સવ

રાજમાતા પૂજ્ય પરસનબાના શતક મહોત્સવનો કાર્યક્રમ સવારે પી-જી. મહેતા હોલમાં ઉજવાઈ ગયો મધ્યાન્હ પછી સાંજે ૩-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધી મા ભગવતીનો શ્રધ્ધામાં નિવાસ થયે નવ વર્ષ પૂરાં થયાં અને દસમા વર્ષમાં પ્રવેશ થયો જેથી દસમા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આધ્યાત્મિક યાત્રામાં લગભગ ૩૦૦ યાત્રીઓ દેશ વિદેશથી ઉપસ્થિત રહ્યાં હતાં. ૧૦૮ દીપનો દીપયજ્ઞ કરવામાં આવ્યો હતો. પરમશક્તિ મંત્ર **ૐ મા ૐ** થી સમસ્ત વાતાવરણ આંદોલિત થઈ ગયું હતું.

પૂજ્યશ્રીએ આધ્યાત્મિક યાત્રાના ધ્યેયને હાંસલ કરવા માટે પરમશક્તિ મંત્ર **ૐ મા ૐ** ને શ્વાચ્છોશ્વાસમાં વહેતો કરી દેવાનો આદેશ આપ્યો હતો.

## આધ્યાત્મિક યાત્રાને અવિરત વહાવીએ

તા.૯-૧૨-૯૮

રાજયોગી નરેન્દ્રજી

પરમશક્તિ મા ભગવતીના વ્હાલા બાળકો, અને

આધ્યાત્મિક યાત્રાના યાત્રીઓ.......

આજે પરમશક્તિ મા ભગવતીનો દસમો પાટોત્સવ છે. માતાજીને શ્રધ્ધામાં નિવાસ કર્યે આજે નવ વર્ષ પૂરાં થયાં અને દસમા વર્ષમાં પ્રવેશ થયો. શ્રધ્ધા કુટીરમાં, શ્રધ્ધા રાખીને આવતા શ્રધ્ધાળુઓને માટે શ્રધ્ધા ધામ એક શક્તિ સ્ત્રોત સમું છે શ્રધ્ધામાં માતાજીની સૂક્ષ્મ ઉપસ્થિતિની અનુભૂતિ તો દરેક શ્રધ્ધાળુને વત્તે ઓછે અંશે થતી જ રહે છે. સુવાસ, સત્સંગ, સાનિધ્ય અને શાંતિની પ્રસાદી થી મનને તૃપ્ત કરવા માટે તો મુમુક્ષુઓના ડગ સાંજ પડ્યે શ્રધ્ધા કુટીર તરફ પ્રયાણ કરવા પ્રેરાય છે.

આધ્યાત્મિક યાત્રામાં શ્રધ્ધાથી જોડાતા યાત્રીઓને આવાજ અલૌકિક પ્રસાદની અનુભૂતિ થાય તે હેતુથીજ આધ્યાત્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જીવનયાત્રામાં આવતી અને ઉદ્ભવતી અનેક વિટંબણાઓમાંથી માર્ગદર્શન મેળવવા માટે, સ્વયમ્ સ્ફૂરણાથી અંતરના અવાજને ઓળખવાની ક્ષમતા કેળવવા માટે તો આધ્યાત્મિક યાત્રા જીવનયાત્રામાં એક દીવાદાંડી સમાન બની રહે છે.

આધ્યાત્મિક યાત્રાનો બે કલાકનો સમય આપણા દરરોજના અને જીવનપર્યંતના સમયમાં વણાઈ જાય તેવો આપણો પ્રયત્ન અને પુરૂષાર્થ હોવો જોઈએ. બે કલાકના આ સમયને દૈનિક જીવનમાં વણી લેવા અમારે કેવો પુરૂષાર્થ કરવો? આવો પ્રશ્ન આપને થશે. આધ્યાત્મિક યાત્રા, સંસારયાત્રાનો, જીવનયાત્રાનો જ એક ભાગ બની જાય અને જીવન ધબકાર, શ્વાચ્છોશ્વાસ ,સાત્વિક બની જાય તે માટે આપણે આપણી દૈનિક ઉપાસનાનો ક્રમ ઘનિષ્ટ બનાવવો જોઈએ. **ૐ મા ૐ મંત્રને શ્વાચ્છોશ્વાસમાં ગોઠવી દો. પરોવી દો. આ પરમશક્તિ મંત્ર ૐ મા ૐના આંદોલનો સમગ્ર અસ્તિત્વમાં સાત્વિકતા પ્રસરાવશે અને ષડ્વૃત્તિઓના આવરણને દૂર કરશે. મનના ભટકતા, વિકેન્દ્રિત થતા વિચારો, તરંગો શમી જશે. મન આત્માના નિયંત્રણમાં આવી જશે. અને પછીતો જીવ અને શિવની ઐક્યતા સાધી શકાશે.**



Scanned by CamScanner

(૧) અંતરનો અવાજ સ્પષ્ટ સંભળાશે, સમજાશે અને અનુસરાશે.
(૨) પરમનો પ્રકાશ અંતરમાં પ્રગટશે અને જીવનની નૂતન દિશા સૂઝાડશે.
(૩) આધ્યાત્મિક યાત્રાનો રસ્તો પ્રકાશિત થઈ જશે અને પરમનું ધામ, પરમનું દર્શન સ્પષ્ટ થવા લાગશે.
(૪) જીવનમાં સંતોષ પ્રગટશે, સ્થિતપ્રજ્ઞતા કેળવાશે અને સુખ દુઃખમાં સમતા આવી જશે.
(૫) માનવતાનો ગુણ નિખરશે.
(૬) સર્વ જડચેતન સૃષ્ટિમાં આત્મિયતાનો ભાવ પ્રગટવા માંડશે.

આજથી જ પરમશક્તિમંત્ર ૐ મા ૐના જાપને શ્વાચ્છોશ્વાસમાં વહેતો કરી દઈએ.

**મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

**ૐ મા ૐ**

## સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા

ક્રમશઃ ૬

ડૉ. તપસ્વી નાન્દી

વિધિવિધાનના આચરણમાં શ્રદ્ધા, શરણાગતિ અને પ્રભુપ્રીતિ ગૌણ ન બની જાય તેની ભક્તે તકેદારી રાખવાની છે. ચિત્ત પ્રભુનાં શ્રી ચરણોમાં આસક્તિ કેળવવાને બદલે વિધિવિધાનની પળોજણમાં અટવાશે તો નિષ્પન્ન શૂન્ય સિવાયનું કંઈજ નહિ રહે! પૂજ્ય શ્રી જણાવે છે કે, "જેઓ ગાયત્રી-ઉપાસના પ્રતિ વળ્યા છે, **તેમને મારો આદેશ છે** કે, "શ્રધ્ધા અને શરણાગતિ પૂર્વક, મા-બાળકનો સમ્બન્ધ કેળવી ગાયત્રી-મંત્રની ત્રણ માળાને તમારા નિત્ય ક્રમમાં વણી લેજો. તમારા ઉપર ચોક્કસ માતાજીના આશીર્વાદ ઉતરશે. માતાજીની કૃપા વરસશે મારા તમને સૌને આશીર્વાદ છે."આપણે આગળ જોઈશું કે, અનેક ભક્તજનોની ગાયત્રીમંત્ર પાઠઅંગેની વ્યાવહારૂ મુશ્કેલીઓ વિચારીને શ્રીમાતાજીની જ અનુજ્ઞા અને પ્રેરણાથી પૂજ્યશ્રીએ પાછળથી ગાયત્રી મહામંત્ર જેવો જ પરમચમત્કારી છતાં સરલાતિસરલ એવો "ૐ મા ૐ"નો ત્રિ અક્ષરી મંત્ર આપ્યો છે. જેથી આબાલવૃધ્ધ સહુને નરી સાધનાની સરલ તક પ્રાપ્ત થઈ ગઈ છે. આનો આગળ વિગતે વિચાર કરીશું.

એક વખતે પૂજ્યશ્રીની ચરણરજ અમારે નિવાસે પડે એવી મંગળઘડી અમારા પૂર્વજોના પુણ્યબળે પ્રાપ્ત થઈ હતી. તે વખતે પૂજ્યશ્રીએ પોતાના મૃદુભાષી અને મિતભાષી સ્વભાવ અનુસાર પ્રાસંગિક વાતો કરી હતી. તેમાં તેઓશ્રીએ જણાવ્યું કે, આજે તેઓ ભક્તોને ફક્ત એકાક્ષરી ઉપદેશ આપશે." '**શ**'. ઉપનિષદ્‌ની વાર્તામાં બ્રહ્માજીએ માનવો, દેવો અને દાનવો અર્થાત્ ત્રિગુણાત્મિકા સમગ્ર સૃષ્ટિને એકાક્ષરી મંત્ર આપ્યો હતો. "**દ**" તેનો અર્થ પાત્રની યોગ્યતા પ્રમાણે '**દમ**', '**દયા**' '**દાન**' એવો કરવાનો હતો. બ્રહ્માજીના આ એકાક્ષરી મંત્રમાં સમજણ કેળવવામાં અધિકારી ભેદની સાપેક્ષતા રહી જતી હતી. રાક્ષસોને માટે '**દ**' નો અર્થ '**દયા**' કરવાનો હતો, દેવો માટે '**દ**' નો અર્થ '**ઇન્દ્રિયદમન**' કરવાનો હતો



Scanned by CamScanner

અને લોભમાં લપટાયેલી સ્વાર્થપટુ માનવજાત માટે 'દ' નો અર્થ 'દાન' કરવાનો હતો. ત્યારે આ બાજુ પૂજ્યશ્રીનો સંદેશ 'શ' તો સમગ્ર સૃષ્ટિ માટે, સત્ત્વ-રજસ-તમસ્ યુક્ત પ્રાણી માત્ર માટે એક જ અર્થ, શુદ્ધ 'શરણાગતિ' પરક જ છે. આપ દેવ હો, દાનવ હો કે માનવ હો, જરૂર છે ફક્ત મા-બાળકનો સંબંધ કેળવી પરમતત્ત્વને ચરણે નિખાલસ ભાવે સમગ્રનું સમર્પણ કરી દેવાની !

સહુ પ્રથમ પૂજ્યશ્રીએ સૂચવેલ સહજ-ઉપાસનાનો સંપ્રત્યય, અર્થાત્ તેની વિભાવના, તેના ખ્યાલનો તાગ મેળવવા પ્રયત્ન કરીશું પછી તેની પ્રક્રિયા, તેની તાલીમ, તેની શિસ્તનો પરિચય કેળવીશું.

આગળ નોંધ્યું તેમ ઉપાસનાની અનિવાર્ય અને એકમાત્ર શરત ગણો તો શરત અને સ્વભાવ ગણો તો સ્વભાવ અથવા પરિસ્થિતિ એ છે કે, સાધકે મા-બાળકનો સંબંધ પરમતત્ત્વ સાથે કેળવીને શ્રધ્ધા અને શરણાગતિ પૂર્વકનું શુદ્ધ સમર્પણ કરવાનું છે. આ શુદ્ધ સમર્પણનો વિચાર સ્પષ્ટ થવો જોઇએ. સામાન્ય રીતે સંસારીઓ પ્રભુને માર્ગે વળે છે અથવા પોતપોતાના ઇષ્ટદેવની આરાધના પોતપોતાના સ્વીકારેલા સદ્ગુરુ દ્વારા આરંભે છે ત્યારે સામાન્ય રીતે તેઓ કોઇને કોઇ રીતે સંસારથી દાઝેલા હોય છે. કોઇને કોઇ આધિ, વ્યાધિ, ઉપાધિ કે એષણાથી ત્રસ્ત થઇને સંસારી રામને યાદ કરે છે બાકી તો સામાન્ય ન્યાય તો એ જ છે કે, સુખે સાંભરે સોની ને દુઃખે સાંભરે રામ ! તો આમ, કોઇ બિમારી અથવા અસાધ્ય રોગ, અસ્વાસ્થ્ય હો કે, શત્રુભય, કે સ્વજનનો વિરહ, પુત્રેષણા, લોકેષણા, પદપ્રાપ્તિની ઝંખના કે વેપારવણજમાં વધુ ઘેરી બરકત, સત્તાની કે યશની લાલસા કે હરીફને કોઇપણ ક્ષેત્રમાં પછાડવાની ભાવના, આવા કોઇને કોઇ શારીરિક કે માનસિક, વૈયક્તિક કે સામાજિક સંદર્ભે જન્મેલા અસંતોષ અને પોતે આમાં કંઇ કરી શકે તેમ નથી તેવી પોતાની અશક્તિની પાકી ખાત્રી થયા પછી લોભ, લાલચ, કામના, વાસના અને થોડી ભાવના પણ ખરી કેમ કે મૂળમાં ઇશ્વરીય શક્તિ વિષેનો આદર અને સદ્ભાવના તો હોય જ જેથી નાસ્તિક પણ આસ્તિક બનવા પામે, આ બધાથી પ્રેરાઇને પોતે માનેલી, પોતાને આવકાર્ય નહિ તેવી પરિસ્થિતિમાંથી ઉગરવા વ્યક્તિ આ કે તે દેવની ઉપાસના તરફ વળે છે અને સૌ સારાં વાનાં થતાં પોતાની મિન્નત પ્રમાણે દેવી/દેવતાનાં વ્રતોની પૂર્ણાહુતિ કરી સંતોષ માની, ઘણું ખરું પરમતત્ત્વ તરફના આભાર અને આદરની સાચી લાગણીને હૃદયમાં કાયમી સ્થાન આપી ફરી પોતાના સંસાર વ્યવહારની ઘટમાળમાં પરોવાઇ જાય છે, ખોવાઇ જાય છે અને એમ એનો દિવ્યતા સાથેનો સંબંધ આગળ વધતો અટકે છે, મુલતવી રહે છે જો કે, The human may forget the divine, but the divine never forgets nor forsakes the human મનુષ્ય પ્રભુને ભુલી શકે, પણ મારો વ્હાલો જે કરુણાનિધિ છે એ તો ક્યારેય તેના ભક્તને ભુલતો નથી અને છોડતો પણ નથી. ફરી લાલચુ ભક્ત ભગવાનને પોકારે ત્યારે એ કરુણાસાગર પોતાની કૃપા વરસાવે જ છે એટલે જ તો એને દયાનિધિ કહ્યો છે.

# "સ્વાગત - એકવીસમી સદી"

(સુરત પાસે પૂણા' ગામે તા. ૩૧-૧-૧૯૯૯ ના રોજ પૂજ્યશ્રીના સાનિધ્યમાં આયોજિત ૨૧ કુંડી ગાયત્રી યજ્ઞ)

વીસમી સદીના અંત અને એકવીસમી સદીના ઉદયને લોકો સંધિકાળ તરીકે ઓળખે છે. આ કાળમાં અનેક ઘટનાઓ બનશે જેના સાક્ષી, માત્ર પુણ્યશાળી, પવિત્ર આત્માઓ જ રહેશે. આવી માન્યતાઓ વચ્ચે જ્યારે ભક્ત સમુદાય મુંઝાયો હતો ત્યારે પૂજ્યશ્રીએ એકવીસમી સદીના સ્વાગતના પ્રતિક તરીકે, સુરતના પૂણા ગામે પોતાના સાનિધ્યમાં -૨૧- કુંડી ગાયત્રી યજ્ઞના આયોજનથી શરૂઆત કરી.

પૂજ્યશ્રીના આ આયોજનની જવાબદારી, પૂણા ગામના મહેન્દ્રભાઇ કે જેઓ ભલાભાઇના નામથી વધુ પ્રચલિત છે, તેમણે અને તેમના કુટુંબીજનોએ સ્વીકારી. આમ તો ભલાભાઇ છેલ્લા વીસ વર્ષથી પૂજ્યશ્રીના સેવક છે અને ૧૯૮૪ ત્થા ૧૯૯૨ માં આજ ગામમાં પંચકુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન, ત્થા એમના કુટુંબ દ્વારા ૧૯૯૭ માં અમેરિકામાં ૨૧ કુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન કરી ચૂક્યા છે, એમને ભાવના હતી કે, ફરી આવું આયોજન થાય. અને પૂજ્યશ્રીને વિનંતિ કરતાં, પૂજ્યશ્રીએ ૩૧ મી જાન્યુઆરીની તારીખ આપી. ભલાભાઇએ તો કાંઇ જ ન વિચાર્યું પણ પૂજ્યશ્રીની ભક્ત ભાવના જૂઓ...

૩૧ મી જાન્યુઆરી એટલે મહા સુદ પૂનમ... આમ તો હવે પૂજ્યશ્રી માત્ર પૂનમે ચરણામૃત આપે છે, એટલે ભક્તો માટે મહત્ત્વનો દિવસ.. બીજુ તે દિવસે ગુરૂ રવિદાસ જયંતિ... એક સંતની જયંતિ ને પૂજ્યશ્રી દ્વારા સન્માન... ત્રીજું તે દિવસે મહા મહિનામાં કરાતાં પવિત્ર સ્નાન, જેના દ્વારા પાપકર્મો ધોવાવાની માન્યતા છે એનો અંતિમ દિવસ... ચાલો ગાયત્રી ગંગામાં મારી સાથે સ્નાન કરો... અને ચોથું તે દિવસે કર્ક રાશિમાં થનારૂં ચંદ્રગ્રહણ દેખાવાનું હતું... શાસ્ત્ર કહે છે કે, ગ્રહણ કાળમાં જેટલી પૂજા કરો એનું હજારગણું ફળ મળે... તો પૂજ્યશ્રી કહે, આવો મારી સાથે આ ગ્રહણ કાળમાં મંત્રજાપ કરીને સંધિકાળ માટે સક્ષમ અને શક્તિશાળી બની જાવ... પૂજ્યશ્રીની આ ભક્તો ઉધ્ધારક ભાવના અને કાર્યને અમારાં સૌના કોટિ કોટિ વંદન...

આ યજ્ઞમાં બેસવા માટે અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઇ, નાગપુર અને બીજા અનેક ગામોથી ભક્તો આવ્યા. અમદાવાદથી જે બસમાં ભક્તો આવ્યા એની પર લખેલું હતું... "સબકા માલિક એક" કેવું સુસંગત... બસના બધા જ ભક્તોનો માલિક એક... બાજુમાં "શુભ અને લાભ"... શુભ થજો ભલાભાઇનું કે આ પરિશ્રમ કર્યો અને લાભ સહુ ભક્તોને... અને અને બસની પાછળ લખેલું... "યે સાથ કહાં તક જાયેગા"... એક ભક્તે પુણા પહોંચીને પૂજ્યશ્રીને આ પ્રશ્ન પુછ્યો અને પૂજ્યશ્રીએ કહ્યું... "આપ કી મંજિલ તક" અર્થાત્ જન્મ-મરણના ફેરામાંથી મુક્ત ન થાવ ત્યાં સુધી હું તમારો સંરક્ષક છું... પૂજ્યશ્રીની આ બાંહેધરીથી ભક્ત સમુદાયના મન નાચી ઉઠયાં... અને પ્રાર્થના કરી કે "અમે તમારા ચરણથી દૂર ક્યારે ય ન જઇએ"...

ખેર ! પૂજ્યશ્રી, ૩૦ મી ની સાંજે જ્યાં બિરાજ્યા હતાં ત્યાં એક બાજુ જલારામ બાપા, બીજી બાજુ સાંઇબાબા અને પાછળ 'કર્મશીખ' આપતો કૃષ્ણરથ... આ બધું ખૂબ સૂચક છે અને ખૂણામાં મોટી



Scanned by CamScanner

કૃષ્ણની મૂર્તિ... પૂજ્યશ્રીના રૂપનું પ્રતિબિંબ... તમે કર્મ... એટલે નવસિધ્ધાંતનું આચરણ અને માત્ર બે કર્મ કરો... માનવતા વ્રતનું આચરણ અને પરમશક્તિના જાપ...

પૂણા ગામ આજે સૂર્યોદય પહેલાંથી પરિશ્રમ કરે છે. આખું "શ્રધ્ધા ધામ" તૈયાર કરવામાં ગજબની ભક્તિ અને શક્તિ વપરાયાં છે. બંને કિનારે 'ૐ મા ૐ' ની રંગોળી, ગાયત્રીમંત્ર વગેરે લખાયેલાં છે. બાર વખત ૐ મા ૐ લખેલું હતું... ૧૨ નું અવળું ૨૧... આજના દિવસે આ મંડપમાં બધી જ અવળી વસ્તુ, સવળી થઇ જશે અને માત્ર આશીર્વાદ જ આપશે. આખુંય શ્રધ્ધાધામ, ભક્તોની ભાવના અને પુણ્યકાર્ય કરવાની તત્પરતાનું સ્વાગત કરવા, અતિ રમણીય રીતે સજાવાયું છે. એક સુવિચાર અને સદ્ભાવના તરંગો સ્વાગત દ્વારથી જ, દરેક ભક્તોના હૃદયમાં બિરાજમાન થઇ જાય એવી સુંદર સજાવટ માટે, પરિશ્રમ કરનારા સહુ ભક્તોને સો સો સલામ...

'શ્રધ્ધાધામ' ની અંદર ૭૫X૭૫ નું 'ઋષિનગર' બનાવ્યું છે... અદભૂત સજાવટ છે પ્રવેશદ્વારની... ઉપર પૂજ્યશ્રીના આશીર્વાદનું બેનર અને બંને બાજુ... એક નાનકડું સુવાક્ય... જે પૂજ્યશ્રીની તમારી અંદર રહેલી હાજરીને સ્પર્શી જાય... એક વાક્ય... ડાબી બાજુ... "દુ:ખી નવ થાશો બંધુઓ વ્હાલાં તમારા ચક્ષુઓમાં ખડો છે રાજયોગી"... શ્રધ્ધા અને શરણાગતિથી સમર્પિત થઇને આંખો બંધ કરો તો પરમ માનવ... તમારી દષ્ટિનાં સમાઇ જાશે અને તમારા દુ:ખો ઉપર છવાઇ જાશે... જમણી બાજુ... મુજ પાસ આવીને મુજને શું પુછો છો... જાતે જૂઓ પ્રતિબિંબ, શું હકીકત છે તમારી... તમારા ભૂતકાળને ભૂલી જાઓ... મારી પાસે આવ્યા છો તો તમારા કર્મોના અરીસામાં તમારૂં પ્રતિબિંબ હું બદલી નાંખીશ..." પૂજ્યશ્રીને ફરીથી કરોડો ભક્તોના વંદન...

અંદર હિમાલયની પ્રતિકૃતિ... ખૂબ સુંદર બનાવી છે. જેઓ કદી હિમાલય ગયા નથી એવા સંતની પાસે પ્રતિક રૂપે હિમાલય જાતે આવ્યો છે... એક ખૂણામાં શિવજીની જટામાંથી ગંગા વહે... બીજી બાજુ સૈનિકો દેશની રક્ષા કરે... મહાદેવ સ્વરૂપ પૂજ્યશ્રીના મુખમાંથી અહીં આજે ગાયત્રી ગંગા સતત વહેવાની છે... બાજુમાં મોટો કળશ છે... આમ તો કળશને શરીરના પ્રતિક તરીકે માનવામાં આવે છે... આ કળશ, ઘડિયાળની અવળી દિશામાં ફરે છે... આમ તો મનુષ્ય, કેટલીય સાધના, ઉપાસના, આરાધના અને સત્સંગ કરે ત્યારે જીવનમાં પુણ્યતાના ઉદયનું ચક્ર, ઘડિયાળની દિશામાં ફરે... આજે અહીં, પુણ્યતાના ચક્રને, ઓછી મહેનતે, અને સાધનાએ ઊંધી દિશામાં ફેરવી શકાશે... પવિત્ર દિન, પવિત્ર સમય અને પુણ્યશાળી સંતની હાજરીમાં પ્રકૃતિ અને પરમશક્તિ, ઊંધી દિશામાં પણ ચાલી શકે...

'ઋષિનગર' માં ૨૧ કુંડ બનાવાયા છે. પવિત્ર ભારતભૂમિનાં વંદનિય ઋષિઓ, કશ્યપ, વ્યાસ, અંગિરા, શ્રૃંગી, કપિલ, ચ્યવન, યાજ્ઞવલ્કય, દેવલ, માર્કન્ડેય, વિશ્વામિત્ર, વશિષ્ઠ, ભારદ્વાજ, કર્દમ, ગૌત્તમ, ભૃગુ, માતંગ, પરાશર, શમિક, કણ્વ, નારદ અને અત્રિના નામો દરેક કુંડને અપાયાં છે. સૃષ્ટિના દેવતાઓના સ્થાપન, અગિયાર આસનોમાં કરાયેલ છે, ચારે ખુણે નવ સિધ્ધાંતો લખાયેલા છે, આઠ સ્તંભ પર કેળના ઝાડ ઉભા રખાયા છે અને દરેક પર કેળાની લૂમ લટકે છે. આઠેય સ્તંભ ગુરૂદેવના આઠ સિધ્ધાંતના પ્રતિક સમા ઉભા છે જે સૂચવે છે કે પ્રથમ આઠનું આચરણ અને પાલન, નવમાં સૂત્ર...



Scanned by CamScanner

અહમ્‌ના ત્યાગ ને આપોઆપ ફળીભૂત કરી દેશે. પણ આહેય સિધ્ધાંતોનું આચરણ ભારે છે, જે કેળાંની લૂમ-એટલે કે વજનથી બતાવાયું છે.

ઋષિનગરના સ્વાગતમાં મોરની મોટી મૂર્તિ છે. મોર કળા કરતો જાય અને ડોકું ફેરવતો જાય એવી રચના છે. અર્થાત્ માતાજીનો મોર પણ જ્યારે પૂર્ણ સ્વરૂપમાં હોય ત્યારે, ભક્તોને પોતાની નજરથી દૂર કરતો નથી.

૩૧ મી ની સવારે ૭-૩૦ વાગે ૨૧ દંપત્તિઓ યજ્ઞની પૂજામાં બેસી ગયા છે. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત અને જ્ઞાનવર્ધક પૂજા કરાવાઇ રહી હતી. શાસ્ત્રીજીએ પૂજા દરમ્યાન કહ્યું કે 'ઘર' એને જ કહેવાય જ્યાં પવિત્ર વિચાર હોય, કલ્યાણની ભાવના હોય; ઉંબરા પર સ્વસ્તિક હોય જેથી સુવિચાર - સુકન્યા, સુ-જન, સુ-ધન, સમૃધ્ધિ અને સદ્‌ગુણ પ્રવેશી શકે. કેટલી ઉત્તમ શીખ.

બરાબર ૯-૪૦ મીનીટે પૂજ્યશ્રીનું આગમન થયું છે. સત્કારવા માટે ભક્ત મહેરામણ ઉમટ્યો છે. મેં પહેલી વાર જોયું કે બેન્ડવાળા પણ પહેલાં ગણપતિ સ્તુતિ વગાડે અને પછી ભાવગીતો અને ભક્તિગીતો વગાડે. પૂજ્યશ્રીએ તામ્રકલરની કફની અને પિતામ્બર ધારણ કરેલા છે. ગળામાં રૂદ્રાક્ષની માળા શોભે છે. બે ઘોડાની બગીમાં પૂજ્યશ્રીને બેસાડાયા છે. સામે બ્હેનજી અને મમ્મીજી શોભે છે. ૨૧ દેવકન્યાઓ માથે કુંભ અને શ્રીફળ લઇ પૂજ્યશ્રીનું સ્વાગત કરે છે. અને આશ્ચર્ય સાથે એમાંની માત્ર નવ કન્યાના મસ્તકે રહેલા શ્રીફળ પર ચુંદડી છે. નવસિધ્ધાંત ભક્ત જીવનના દરેક પગથિયે આવી જ મળશે. કેવો જોગાનુજોગ, કે પૂજ્યશ્રી બગીમાં બિરાજ્યા પછી, બેન્ડવાળાએ વગાડ્યું. "ખાલી હાથ કોઇ, ન જાયે યહાંસે". પૂજ્યશ્રી પાસે આવ્યા જ છો તો પુણ્યનું ભાથું લીધા વગર ન જશો. સ્વાગત યાત્રાને માત્ર ૫૦૦ વારનું અંતર કાપતાં લગભગ ૩૫ મીનીટ થઇ. શ્રધ્ધાધામના સ્વાગત દ્વાર પાસે પૂજ્યશ્રીની બગીની ચારે તરફ ભાઇઓ બહેનો ગરબા ગાય છે. પ્રથમ વર્તુળ દેવકન્યાઓનું અને પછી બે વર્તુળ ભાઇ-બહેનોના. આજે મુંગા પશુ, પ્રકૃતિ, પામર માનવી, પરમશક્તિ અને પ્રેમાળ હૈયાં, બધા ય સંગીતના તાલે ઝુમે છે.

બરાબર ૧૦-૧૫ મીનીટે પૂજ્યશ્રી ઋષિનગરમાં પ્રવેશે છે. સાડીઓ પાથરી તેમની ચરણરજને ઝીલાય છે. ડગ ભરાતાં જાય તેમ પાછળની સાડી, આગળ પથરાતી જાય. પાંચ જ સાડી વપરાઇ છે, કહો પંચમુખી ગાયત્રી. પાંચેય માતાઓ સાડી પાથરી બાળને હિંચોળે છે. આજે માતાજીએ પોતાના બાળને ખૂબ નાના સ્વરૂપે નિહાળ્યો છે.

પૂજ્યશ્રી, હિમાલયની ગોદમાં બિરાજ્યા છે. દેવકન્યાઓ વચ્ચે બેસીને સૌને રાજી કરી છે. હવે મંત્રોચ્ચાર અને મંગલાષ્ટકની રમઝટ શરૂ થઇ છે. એક એક પંડિત મંગલાષ્ટક બોલે છે અને યજ્ઞશાળાના દ્વારે પાંચ ૐ લખેલા અંતરપટ સામે પૂજ્યશ્રી પ્રતિક્ષા કરે છે. કહો કે માત-બાળના મિલનની ક્ષણોની દુનિયાને ઝાંખી કરાવે છે. બરાબર ૧૦-૨૯ મીનીટે પૂજ્યશ્રીએ પ્રવેશ કર્યો. શાસ્ત્ર કહે છે કે, જ્યાં યજ્ઞ થાય, ત્યાં પ્રદક્ષિણા કરવાથી પાપો નાશ પામે છે, પણ પૂજ્યશ્રીએ તો યજ્ઞ પહેલાંજ આખાય મંડપની પ્રદક્ષિણા કરીને સર્વે ઋષિગણોને પ્રણામ કર્યા. કેટલી ઊંચી ભાવના. આપણે પૂજ્યશ્રીને પગે લાગીએ



Scanned by CamScanner

છીએ. ક્યારેય પ્રદક્ષિણા નથી કરી. એક નવી શીખ મળી.

૧૧-૨૦ મીનીટે, પ્રથમ માળા શરૂ થઇ. ગાયત્રીમંત્રની માળા સાથે આહૂતિ શરૂ થઇ. એક કુંડ પર ૧૫ વ્યક્તિ સાથે કુલ ૩૧૫ વ્યક્તિઓ જેમાં ૪૪ દંપત્તિઓ હતાં. તેમણે આહૂતિ આપી. પૂજ્યશ્રીએ પણ વારાફરતી બધાજ કુંડ પર જાતે જઇને મંત્ર બોલીને આહૂતિ આપી ત્યા દરેકને આશીર્વાદ આપ્યા. શુભકાર્ય કરતી વખતે, પૂજ્યશ્રીના આશીર્વાદથી ભક્તો અતિ રાજી થઇ ગયા. ત્યાર પછી પરમશક્તિમંત્ર સાથે પાંચ માળાની આહૂતિ અપાઇ અને ૧-૧૫ વાગે વિરામ જાહેર થયો.

વિરામ પછી ૨-૩૦ વાગે ફરી યજ્ઞકાર્ય શરૂ થયું. બે માળા પરમશક્તિમંત્રની અને એક માળા ગાયત્રીમંત્રની. આમ આજના યજ્ઞમાં પરમશક્તિમંત્ર સાથે અંદાજે ૨,૩૮,૧૪૦ અને ગાયત્રીમંત્ર સાથે ૬૮,૦૦૦ આહૂતિઓ અપાઇ.

હોમાત્મક યજ્ઞ, પૂર્ણ થવાને આરે હતો ત્યાં પૂજ્યશ્રીએ કહ્યું કે હજુ કોઇ આ પુણ્ય અને પાવનકારી કાર્યમાં રહી ગયું હોય એમના માટે ૨૭ મંત્રની આહૂતિ આપો. ફરી યજ્ઞમંડપ ભરાઇ ગયો અને સૌના આશ્ચર્ય વચ્ચે પૂજ્યશ્રીએ જાતે મંત્રોચ્ચાર કરીને આહૂતિઓ અપાવડાવી. છેલ્લે રહેનારા સદ્‌નસીબ અને સદ્‌ભાગી થઇ ગયાં. હવે જાણ્યું કે ધીરજનાં ફળ મીઠાં. પૂજ્યશ્રીની ભાવનાને સો સો સલામ.

૪-૩૦ વાગે પૂર્ણાહૂતિ કાર્ય શરૂ થયું. પૂજ્યશ્રીની સાથે શકાદયની સ્તુતિ પછી એકવીસેય કુંડમાં શ્રીફળ હોમાયું. વસોધારા થઇ અને પછી આરતી થઇ. યજ્ઞની પૂર્ણાહૂતિ થઇ પણ ભક્તોના હૃદયમાં નવા વિશ્વાસનો, પુણ્યકાર્ય કર્યાના સંતોષનો ઉદય થયો.

દરેક કુંડની આરતી વિશિષ્ટ રીતે બનાવવામાં આવી હતી. પૂણા ગામની બહેનો અને ભલાભાઇના કુટુંબીજનોને ખૂબ ખૂબ અભિનંદન અને એમની આરતી બનાવવાની કળાને વંદન. કોઇ આરતીમાં મોતીનો મોર, કોઇ સૂકા મેવાની, કોઇ ચણોઠીની, કોઇ ચુંદડીની, કોઇકમાં મોતીના સાથીયા, કોઇકમાં વરિયાળી, કોઇકમાં ફુલ અને તોઇ, કોઇકમાં કાળા મરી, સોપારીને લવિંગ, કોઇમાં કઠોળ, કોઇકમાં નાની ગોળી, કોઇકમાં મણકા, કોઇકમાં કોડી, કોઇકમાં શંખ અને છીપલાં, કોઇકમાં ઘઉં અને રાઇ અને કોઇકમાં બદામ-કાજુ-અંજીર વળી અખરોટને માથે સોપારી મુકીને કળશની ભાવના જોઇ તો દંગ થઇ જવાય.

આરતી પછી યજ્ઞ કાર્ય પૂર્ણ થયું. સૌએ આ પવિત્ર કાર્ય પછી પ્રભુ પાસે કાંઇક ને કાંઇક માંગ્યુ અને પૂજ્યશ્રીએ સહુ ભક્તો વતી પ્રાર્થના કરી કે. "હે માત, રાજયોગી આવ્યો તુ જ પાસ, દે દે, સુખ શાન્તિ જગતના માનવીઓને". કેવી સુંદર પ્રાર્થના. અને તેય જ્યારે ગુરૂદેવ કરે ત્યારે, નિશ્ચિંત બનો કે કલ્યાણ થઇ ગયું.

યજ્ઞ પૂર્ણ થયા પછી પણ ચરણવંદન માટે ધસારો રહ્યો પણ છૂટા પડતાં સહુ ભક્તોને એક જ સંતોષ હતો કે આવા સક્ષમ, સામર્થ્યવાન સદ્‌ગુરૂ આપણને મળ્યાં. આપણું અહોભાગ્ય. અને ભલું થજો ભલાભાઇનું, તેમના કુટુંબનું અને સર્વ સગાઓનું જેના પરિશ્રમથી આપણને આજનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

**ફરીથી પૂજ્યશ્રીના ચરણોમાં વંદન**

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# મારૂં મન અને રાજયોગી

સતીશ ભટ્ટ

રાજયોગીનો અર્વાચીન ભારતીય આધ્યાત્મિક ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ પ્રભાવ પડી રહ્યો છે. સમાજમાં વ્યાપક માનવ બોધને સજાગ કરવા તેઓશ્રી મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. તેમના વિચારો અને ભાવનાઓની જે રસધારા પ્રવાહિત થઇ છે તેના સબબે સમાજમાં એક નવા આદર્શનું શૈક્ષણિક અને સામાજીક સ્વરૂપ ઉઘડતું ગયું છે અહીં સકીર્ણતા અને કટ્ટરતા માટે કોઇ સ્થાન નથી. તેઓશ્રી પોતાની વાણી દ્વારા મનુષ્યના અંતરાત્માના વિરાટ અનુરાગને સંચેત કર્યા કરે છે. તેમની વાણી જીવનનો આધાર અને વાતચીતનું અંગ બની ચુકી છે. તેમના મનમાં સામાન્ય જનસમુદાય માટે ભરપૂર આદર ભાવ છે. તેમનું હૃદય, ધર્મ, જાતિ, ભાષા અને ક્ષેત્રિય સીમાઓથી પણ ઘણું આગળ વધી ગયું છે. જ્યાં સમન્વયની સીમાઓ મળે છે. તેમનું ઉર્મિસભર મન, તેમની વાણી, વક્તવ્ય અને રચનાઓમાં પ્રભાવકારી રૂપ ધારણ કરે છે. તેમનામાં સર્જનકાર પ્રત્યે એકનિષ્ઠતા અને એકેશ્વરવાદનો રણકો છે. પ્રેમની ઉત્કૃષ્ટ તીવ્રતા તેમનામાં સતત દષ્ટિગોચર થયા કરે છે. તેઓશ્રી માને છે કે, સર્જનહાર સુધી પહોંચવાની ગલી સાંકડી છે, તે પ્રેમની ગલી છે. આ સાંકડી ગલીમાં અન્ય માટે સ્થાન નથી. આ અનન્ય નિષ્ઠા જ તેમને માનવતાવાદ સાથે સીધું જોડાણ કરી આપે છે. તેમના હૃદયની પારદર્શકતા મનુષ્યને અનાયાસે આકર્ષે છે. મનુષ્યને પોતાનું હૃદય ઠાલવતાં વાર નથી લાગતી. મનુષ્ય તેમની સમક્ષ પૂરેપૂરો ખાલી થઇ ગયા પશ્ચાત કંઇક આપોઆપ તેની ખાલી જગામાં ભરાવા લાગે છે. તે છે તેમનો પ્રેમ, માએ બક્ષેલું માતૃવાત્સલ્ય પણ તેની સાથે સાથે ક્રમશઃ મનુષ્યમાં અવતરણ થતું જાય છે અને માનવી ભર્યો ભર્યો, તાજગી ભર્યો થતો જાય છે.

આ તાજગી સુગંધ છે પછી માનવોને ખીલેલા પુષ્પની પાસે પહોંચી જઇને પ્યાર કરતાં વાર નથી લાગતી. પ્રભાતના સૂર્યને અર્ધ્ય આપીને તેના તેજનો સ્વીકાર કરતાં સરળતા અનુભવાય છે. માનવી સાથે વ્યવહાર આદરતાં મન ખુલ્લું રહે છે, જે કંઇ પણ જેવી પણ હાલતમાં મળી આવે છે, તેનો પૂરે પૂરો આનાકાની વિના સ્વીકાર કરવાની મનની તત્પરતાનો વેગ વધી જાય છે, અને પ્રત્યેક પ્રવૃત્તિને અંતે ઓછી વત્તી પણ હળવાશ શેષ વધે છે.

આનાથી શું વિશેષ ઇશ્વરની ઓળખ મેળવવાની પ્રવૃત્તિ હોઇ શકે ? ઇશ્વર તમારી સમક્ષ પ્રત્યક્ષ થાય કે ના થાય, કોઇ ફરક પડતો નથી. ઇશ્વરને તમે તેના તથા કથિત સ્વરૂપને બાજુએ મૂકીને રાજયોગીના લિબાસમાં નિહાળો કે રાજયોગીનો ઇશ્વર સ્વરૂપ તરીકે સ્વીકાર કરો, સ્વાગત કરો, મનની શરણાઇના સૂર છેડો, સંવાદિતાનું શરણ લ્યો કે, પરમનું પરમસંગીત સાંભળવા કાન માંડો, આ સઘળું એક જ છે. ઇશ્વર અને રાજયોગીમાં અભેદ આ જ છે. અદ્વૈતનો આનંદ આ જ છે, અવ્યયી આ જ છે. નૂપુર ઝંકાર પણ આ જ છે.

આવું મારૂં મન કયા અન્ય ઇશ્વરને શોધે ?
ક્યાં શોધે ? શા માટે શોધે ?
વધારે શું મેળવવા શોધે ?
કયા સ્વરૂપને શોધવા મથે ?



Scanned by CamScanner

ॐ મા ॐ

# અમ કાજ ધરા પર અવતરજો !

હે જગવંદન ! જગ કાજ તમારા અવતરવાનું પર્વ હશે,
મા પરમશક્તિને હૃદય અનેરો હર્ષ-હેત ને ગર્વ હશે,
આ પરમપર્વની પાવન પળમાં ભક્ત અરજ હૃદયે ધરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૧ )

કોઇ પરસનજનની ઉદર વિશે તવ તેજ સદા સાકાર થજો,
કોઇ બાપુલાલના લોચનિયે નિત હર્ષાશ્રુની ધાર થજો,
કોઇ ગોધરતીને ગોકુળ કરવા અવની પર ચરણો ધરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૨ )

જગ કામ-ક્રોધ-મદ-મોહ-લોભ ને મત્સરમાં ચકચૂર બને,
દુ:ખ-દાહ-દર્દ-ભય-શોક રોગનાં ભંડારો ભરપૂર બને,
ત્યારે રાજ ! રખોપુ નિજ ભક્તોનું માનુષદેહ ધરી કરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૩ )

જો પુષ્પકુંજ-આવાસ શાસ્ત્રીજી શ્વાસ થકી મહેંકી ઉઠયો,
ને નિલ-ઉષાનાં આંગણમાં એક માત મયૂર ગહેંકી ઉઠયો,
શ્રધ્ધેય પરમ ! હે ગરવા ઠાકર ! સ્નેહ સુરભિ અમ ઉર ભરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૪ )

'મા' ના પાયલનો ઝણકાર થજો, 'મા' ના હૈયાનો ધબકાર થજો,
'મા' ની હૃદય-વીણાનો તાર થજો, 'મા' નો બાળરૂપ ॐ કાર થજો,
'મા' ના અધરો પરનું સ્મિત બની હે બાળ ! બધે જગમાં ફરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૫ )

છે આશ હૃદયમાં સંભવામિ નો નાદ સદા સાંભળવાની,
લૈ પ્રેમતણા પૌંઆની પોટલી - હામ હરિને મળવાની,
અમ આંખેથી કેદાર વહે ત્યારે માત મેહુલા ! ઝરમર જો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૬ )



Scanned by CamScanner

જ્યારે સદ્‌ગુણ-દુર્ગુણ હૃદય તણા રત્નાકરનું મંથન કરતા,
મન મંદર ગિરિ-વિચાર વાસુકિ થકી સુધા શોધન કરતા,
હર થજો હળાહળ પાન કાજ હરિ ! મોહિની થૈ અમૃત ધરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૭ )

તમે રામરૂપમાં ધર્મ તણું ધરી ધનુષ, અસૂર ધમરોળ્યા છે.
અમ ભક્તિ-હરણ કરનાર રાગના રાવણ રણમાં રોળ્યો છે.
તમે જનમ-જનમ કોઇ કેવટ-શબરી કાજ જીવન, વન સંચરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૮ )

હે વાસુદેવ ! આ વિશ્વ વિશે વહેતું વેણું ગીત આપી દો,
ને ૐ મા ૐ એ નાદબ્રહ્મનું અવિરત સંગીત આપી દે,
ને જનમ-જનમ વનરાવનમાં પ્રીત મયૂર-પીચ્છની પાંગરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! ( ૯ )

મન પ્રેમદીવાની મીરા બની જ્યારે વિરહ કટોરા અધર ધરે,
ગિરિધરનાગર ! તવ પ્રણય પીવા પગ ઘૂંઘરું બાંધીને નૃત્ય કરે,
"દૂસરો ન કોઇ" કહી પોકારું નટવર ! નરેન-રૂપમાં મળજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! (૧૦)

અમ કર ઝાલી નવ સૂત્રોનાં સોપાન ચડાવી દયો બાપું !
પળ-પળ અમને વ્રત માનવતાનું આપ પળાવી દયો બાપું !
ભલે કરો કસોટી કિન્તુ કૃપાગુણ થકી સફળ અમને કરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! (૧૧)

ઇશ્વર આવ્યો છે હાથ આજ જો એક એજ વરદાન મળે,
કે રાજયોગી સદ્‌ગુરૂ સ્વરૂપે ભવ-ભવ આ ભગવાન મળે,
હે મયૂરરાજ ! અવતાર કળામાં કોઇ પીંછું ના વિસરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! (૧૨)

અમે ભાવભીની અમ આંખોમાં આજ રાજ સપ્તમી ઉજવીશું,
મહારાજ યોગી ! અમે જનમ-જનમ બસ આજ સપ્તમી ઉજવીશું,
પ્રગટી અમ રાજ-વિરહમાં બળતાં હૃદય 'મુંજ' શીતલ કરજો,
હે રાજયોગીજી ! યુગે-યુગે અમ કાજ ધરા પર અવતરજો ! (૧૩)



Scanned by CamScanner

# પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ

તા. ૭-૨-૧૯૯૯ રવિવારે પ્રેતાત્માઓનો મુક્તિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય રાજયોગીજીના સેનાપતિપદે નાના મોટા ૪૨ ભક્તોની રાજયોગી સેના સવારે છ વાગે શ્રધ્ધાકુટીરમાંથી નવભારત ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં લીંબડી ચોટીલા હાઈવે પર જવા ઉપડી.

સેનાપતિજીએ પોતાની આત્મિક શક્તિ, આધ્યાત્મિક શક્તિ, મંત્રશક્તિ અને માતાજીની પ્રાર્થના સ્તુતિ કરી હાઈવે પરના જુદા જુદા ૨૧ પોઈન્ટસ કે જ્યાં જીવલેણ અકસ્માતો થયા હતા અને અકસ્માત ઝોન તરીકે ગણાતા હતાં. ત્યાં પ્રત્યક્ષ જઈને કુલ ૧૩૦ પ્રેતાત્માઓને મુક્તિ આપાવી હતી. વળી આ મુક્તિ પામેલા પ્રેતાત્માઓ પુનઃ તેમના જ પરિવારમાં જન્મ ધારણ કરે તેવી ખાત્રી આપી હતી.

દરેક પોઈન્ટ પર આસન પર ઉભા રહી, અભિમંત્રિત કરેલા જળથી ત્રણ વખત કુંડાળું કરવામાં આવતું, જે બ્રહ્મા, વિષ્ણુ મહેશના પ્રતિક રૂપે તેમજ ૐ મા ૐ મંત્રના પ્રતીક રૂપે કરવામાં આવ્યું હતું. વળી ત્રણ અગરબત્તી પ્રગટાવી હાથમાં રાખી પૂજ્યશ્રી માતાજીએ પ્રાર્થના સ્તુતિ કરતા હતા. રાજયોગી સેના કુંડાળાની બહાર વર્તુળકારે ઉભા રહી ૐ મા ૐ મંત્રનો લયબધ્ધ ધ્વનિ ઉચ્ચારણ કરતા હતા. ટ્રાફીક પોલીસની ટુકડી ટ્રાફીક કંટ્રોલ અને નિયમન કરવામાં વ્યસ્ત રહેતી અને અમને અમારા આ મુક્તિયજ્ઞમાં મદદ કરવા તત્પર રહેતી. પૂજ્યશ્રીની પ્રાર્થના અને સ્તુતિ થતાં જ દરેક સ્થળે પ્રેતાત્માઓ પાણીના વર્તુળની, લક્ષ્મણ રેખાની બહાર આવીને દીનહીન દશામાં બેસી જતા, જે પૂજ્યશ્રીને આભાસી, અસ્પષ્ટ દેહાકૃતિરૂપે દેખાતા, પ્રાર્થના સ્તુતિ પૂર્ણ થઇ જતાં પૂજ્યશ્રી દરેક પ્રેતાત્માના શિર પર વરદ્હસ્ત મૂકી આશીર્વાદ આપી મુક્તિ બક્ષતા.

મુક્તિદાતા રાજયોગી દ્વારા મુક્તિયજ્ઞનું ક્રાંતિકારી અભિયાન પતાવીને બસમાં અમદાવાદ પરત આવતાં રાજયોગીનું દિલ દ્રવી ગયું હતું. રાજસેના અને અન્ય ભાવિક ભક્તો, વ્યક્તિઓ અકસ્માતનો ભોગ ન બને, આસુરી તત્વોથી પરેશાન, હેરાન ન થાય તેમજ પોતાની કાયાકલ્પ કરી શકે તે અને સુખ શાંતિમાં રહી શકે તે હેતુથી અમૂલ્ય એવા ત્રણ રાઝ બતાવ્યા.

(૧) અકસ્માત, અપમૃત્યુથી બચવા માટે સ્ટીલની વસ્તુ વીંટી, ચેઇન વિગેરે કોઇપણ એક વસ્તુને પાણીમાં ડૂબાડી રાખી દિવસ દરમિયાન એકી સાથે ગાયત્રીમંત્રની અગિયાર માળા કરી તે સ્ટીલની વસ્તુને અભિમંત્રિત કરી પ્રવાસ દરમિયાન પોતાની પાસે રાખવાની. દરેક વ્યક્તિએ પોતાની જાતે જ આ પ્રયોગ કરવાનો છે.

(૨) આસુરી તત્વોની કનડગત, હેરાનગતિમાંથી બચવા માટે કાળી ચણોઠી પૂજામાં રાખી ગાયત્રીમંત્રની પાંચ માળા એકી સાથે કરવી અને તે ચણોઠી પોતાની પાસે રાખવી.

(૩) કાયાકલ્પ કરી યુવાન દેખાવા માટે એક વર્ષ સુધી એકાંતવાસમાં રહી મૌન રાખી મંત્રજાપ, નામ સ્મરણ કરવાથી કાયાકલ્પ કરી શકાય છે. આપ જીવનની વસંતને કે યુવાનીને માણી શકશો. આટલો લાંબો સમય શક્ય ન બને તો દરરોજ ૨ થી ૪ કલાક એકાંતમાં મૌન રાખી મંત્રજાપ, નામ સ્મરણ કરવાથી પણ કાયાકલ્પ કરી શકાય છે.

આ મહાન ક્રાંતિકારી અને ગંભીર કાર્યમાં પ્રકૃતિએ પણ આખો દિવસ પૂરતો સાથ આપ્યો, વાતાવરણ શાંત, સૌમ્ય, ગંભીર, વાદળછાયું રહ્યું હતું. છોડવાઓ, ઝાડવાઓ, પર્ણો શાંત રહી આ



Scanned by CamScanner

મહાનયજ્ઞના મૂક સાક્ષી બની રહ્યાં હતાં.

શ્રધ્ધા કુટીરમાં રાતે ૮-૩૦ વાગે આવ્યા પછી રાજયોગી સેનાને વિદાય આપી નિત્યકર્મ પરવારી ટી.વી. પર ક્રિકેટ મેચનું પ્રસારણ જોઇ રાતે સાડાબાર વાગે સૂઇ ગયા. રાતે લગભગ બે વાગે પૂજ્યશ્રીને સ્વપ્નું આવ્યું જે તેમનાં જ શબ્દોમાં નીચે પ્રમાણે છે.

"મારા પલંગમાં હું સુતો હતો. મારા વાંસામાં મૃદુહસ્ત ફરતો અનુભવાયો એટલે હું જાગી ગયો. માતાજી પલંગમાં બેઠાં હતાં. હું પણ બેઠો થઇ ગયો માતાજીએ મારા પગ પર હાથ ફેરવવા માંડ્યો મેં કહ્યું "માતાજી મારા પગ દુઃખતા નથી." માતાજીએ મારા વાંસા પર અને ખભા પર હાથ ફેરવતાં વાત્સલ્ય વહાવતા મને કહે "આજના તારા કાર્યથી હું બહુ જ ખુશ થઇ ગઇ છું." મેં કહ્યું માતાજી આપની રાહબરી હેઠળ અને આપના માર્ગદર્શનથી જ આ પ્રેતાત્માઓને મુક્તિ મળી છે. માતાજી, આ આત્માઓ પુનઃ તેમના જ પરિવારમાં જન્મ ધારણ કરે તેમ મેં જણાવ્યું છે તો તે પ્રમાણે થવું જોઇએ." માતાજી કહે, "ભલે તેમ થશે." પરંતુ તેની પ્રતીતિની મને થવી જોઇએ." માતાજીએ હાસ્ય વેરતાં જણાવ્યું, આજથી પંદર વર્ષ પછી આ મુક્તિ પામેલ આત્માઓમાંથી એક વ્યક્તિ શ્રધ્ધા કુટિરમાં આવશે. તેને હું સ્વપ્નું આપી આખી વિગત જણાવીશ, તે વ્યક્તિ આ હકીકત જણાવશે, હું હર્ષાશ્રુ વહાવતો માને વંદી રહ્યો. બીજું માતાજીએ કહ્યું બસમાં તે સફેદ ચણોઠીનો પ્રયોગ જણાવ્યો હતો પરંતુ સફેદ ચણોઠી નહિં, કાળી ચણોઠી. ૧૯૬૫ માં તું લિમખેડા હતો ત્યારે તારા કબાટમાં મેં બે કાળી ચણોઠી મૂકી હતી. (જો કે આ વાત હું સાવ વિસરી ગયો હતો) અહિયા તારા કબાટમાં આ બે ચણોઠી છે.

સ્વપ્નું પૂરૂં થઇ ગયું. આનંદથી મારૂં રોમરોમ પુલકિત થઇ ગયું. સવારે ઉઠીને જોયું તો મારા કબાટમાંથી જ એ પડીકીમાંથી આ બે ચણોઠી મળી.

આખા પ્રેતાત્મા મુક્તિયજ્ઞની શરૂઆતથી જ માતાજી મારી સાથે જ હતાં અને મારા કાર્યનું સતત નિરીક્ષણ કરતાં હતાં, માર્ગદર્શન આપતાં હતાં અને આવી ભૂલ-ક્ષતિ થાય કે વિસ્મૃતિ થાય તો સ્વપ્નમાં આવીને સુધારી પણ જતાં હતાં.

(૧) યુધ્ધના આંગણે વજ્રસમો અડગ
શું રાધાની નજરથી હારી ગયો?
શું યશોદાના દોરડે બંધાઈ ગયો?
શું ગોપીઓના પાલવને પામી ગયો?
રે કવિઓ ડૂબકી મારો.
શોધો શ્રી કૃષ્ણના હદય વિરહતણા સ્પંદનોને!

(૨) શ્રીકૃષ્ણે કોલ દીધો જગતને ધર્મના રક્ષણ અર્થે
પધારવાનો રાહ કોની જુઓ છો ?
શુ હજુ સમય પાક્યો નથી પ્રાગટવાનો ?
આવે તુ પ્રેમ થકી સત્કારૂ તારો,
આ વખતે સંહારને સાથ લાવતો.



Scanned by CamScanner

# માનવતાદિન - પ્રશ્નોત્તરી

**તા. ૭-૯-૧૯૯૮ સોમવાર**

આજે સાતમી સપ્ટેમ્બર છે. સરકારશ્રીનો જન્મ દિવસ છે. આજે આનંદ, પરમઆનંદ, અને સર્વોચ્ચ આનંદ. બધાજ હૈયાં આજે હસે, ગાય, કુદે, નાચે તો કોઇ આશ્ચર્ય નથી. આજે તો **"હંસી ખુશી કી શામ"** છે.

આ પ્રશ્નોત્તરી જે આપની સમક્ષ રજુ થશે અને જેના દિવ્ય ઉત્તરો આપણને પ્રાપ્ત થશે તે કેવળ પરમ અને આપણી વચ્ચેનું અંતર ઘટાડવાના પ્રયત્ન રૂપેજ છે. કંઇક મેળવીએ, કંઇક કાયમી વસાવી લઇએ એવો જ ભાવ સમાવિષ્ટ છે. આપણી આપાધાપીઓ શાંત થઇ જાય, આપણા તાપ શમી જાય તથા આપણને એક યા અન્ય રીતે પૂજ્યશ્રીના આશીર્વાદ પ્રાપ્ત થાય એવી લાગણી અનુભવું છું. પ્રશ્નોત્તરી આખરે તો પ્રાર્થના, કાલાવાલા અને શબ્દો થકી સાષ્ટાંગ પ્રણામ કરવા સિવાય અન્ય કંઇ નથી તે વિદીત થાય. એક એક પ્રશ્ન રજૂ કરતી વેળાએ મારો "હું" રાંક થઇને ઉભો રહે છે. અને ભરસભામાં ટોપી ઉતારતો રહે છે. આને ગૌરવની વાત કહી શકું.

## પધારો સરકાર, વંદન આપને.

સરકાર હાજર છે. ખુલ્લી છે કિતાબ મારા જીવનની, વાંચી લો, સમજી લો, સ્મૃતિમાં મઢી લો. જીવનમાં ઉતારી લો. જેમ જેમ કિતાબ વાંચતા જશો તેમ તેમ આનંદમાં તરબોળ થઇ જાશો, કવચિત શંકા કુશંકા પણ જાગશે, અને કદાચ એવો સમય આવે કે એ કિતાબના પાનાં શિર પર મૂકીને નાચવાનું મન પણ થાય.

## આવો રાજ કવિ,

રાજયોગીની કિતાબના પાનાં ખોલો, જો એમાંથી ન સમજાયું હોય તો પ્રેમથી પૂછો. મારી હાટડીનો આતો રોજનો વેપાર છે.

**સતીશ -૧** **"ફાટે પણ ફીટે નહી"**
**સૂત્ર લાવ્યા છો ક્યાંથી ?**
**ભરી રંગ પિચકારી,**
**આવ્યા છો ક્યાંથી ?**
**સખા કૃષ્ણની,**
**સોબતે શું ચઢ્યા છો ?**
**કે લાગ્યો પછી,**
**રંગ અમને જતો ના !**

**વિવરણ :-** કેટલાક રંગો ખાસ કરીને ઓઇલી રંગો જે કપડાં ઉપર લાગ્યા પછી જતા નથી. આખરે કપડું ફાટી પણ જાય છે. છતાંય "ફાટે પણ ફીટે નહી". ગુરૂદેવને પ્રશ્ન કર્યો છે કે, આવા રંગની પીચકારી ભરીને ક્યાંથી આવ્યા છો. કૃષ્ણ તમારા મિત્ર છે. સંગનો રંગ લાગ્યો છે કે તમે તેમની પાસેથી



Scanned by CamScanner

લાવ્યા છો? આધ્યાત્મિક ભગવો રંગ પણ આવો જ છે. આવો રંગ ભરેલી પીચકારી લઇને ગુરૂદેવ જેવી હસ્તી જો આપણને રંગ છાંટે, પછીથી એ રંગ કેમે કર્યો જાય ના. પછી તો જાણે કે "તું રંગાઇ જાને રંગમાં".

**રાજ -૧ સંગનો રંગ લઇને જ આવ્યો**
**પ્રેમ રંગમાં રંગાયો**
**રંગ પીચકારી સાથમાં રાખું**
**રંગાઇ જનારને ફાગ વસંતોના ચઢાવું.**

**વિવરણ :-** મા ભગવતીનો ધવલ રંગ, તાત શીવજીનો રાખોડી રંગ અને સખા કૃષ્ણનો કેસરીયો રંગ સાથે લઇને જ હું આ જગતમાં આવ્યો છું. વળી આ ત્રણેય રંગના મિશ્રણથી થતા ભગવા રંગથી, પ્રેમરંગથી સદાય રંગાયેલો જ રહું છું ભાવિકોને, ઉત્સુકોને, રંગાઇ જવાની ઇચ્છા ધરાવનાર ભક્તોને માટે હું રંગ પીચકારી સાથમાં જ રાખું છું. અને જરૂર પડયે માનવજીવનની પાનખરને વસંતોનો નવો ફાગ ચઢાવવા પ્રયત્ન કરૂં છું.

**સતીશ -૨ નવે સૂત્રથી શીદ બાંધો છો, અમને ?**
**અધુરૂં હતું, વ્રત માનવતા, અમને ?**
**સંસાર બંધન શું ઓછાં છે, અમને ?**
**કે, નવાં બંધને બાંધી દો છો જ, અમને ?**

**વિવરણ :-** પૂજ્ય ગુરૂદેવે ઇષ્ટની કૃપા પામવા તથા સંસારમાં સુખી અને શાંત જીવન ગુજારવા માટે નવસૂત્રો અને માનવતા વ્રત, માનવજાતને આપ્યાં છે. પ્રશ્ન અત્રે કર્યો છે કે, આ સંસારરૂપી બંધન જીવને માટે શું ઓછું છે કે આ સૂત્રો, આ વ્રત રૂપો એક ઓર બંધન અમને પ્રદાન કરો છો ? અમારે માટે તો આ એક નવું બંધન, નવી શિસ્ત, જીવન જીવવાનો કોઇક નવો શિરસ્તો બની જાય છે. કોઇક નવું જ અનુશાસન અમારા શિરે આવ્યું છે. તેમ લાગે છે.

**રાજ -૨ નથી બાંધવાં નવા બંધનોથી તમોને**
**તમો કર્મ બંધન સાથમાં લાવીયાં**
**વર્તમાન ને ભવિષ્યના સંસારને ઉજાળવા**
**ફરજ એટલી માર્ગદર્શક બની રહું**
**નવ સૂત્રો જીવન મુક્તિના દરવાજા**
**માનવતા વ્રત મુક્તિનું મેદાન**
**અરે ! ઉભયના આચરણ થકી**
**સંસાર ઉજ્જવળ થાશે**
**જીવન ધન્ય થાશે**
**ભવ બંધનમાંથી મુક્તિ મળશે.**

**વિવરણ :-** મનુષ્ય કર્મબંધન લઇને જ જન્મે છે અને પ્રારબ્ધ રૂપે તે ભોગવતો જ રહે છે એટલે મારે કોઇ



Scanned by CamScanner

નવા બંધનોથી મનુષ્યને બાંધવાનો નથી. વર્તમાન અને ભવિષ્યના સંસારને ઉજ્જવળ બનાવી શકાય અને કર્મ બંધનમાંથી મુક્ત રહી શકાય તે માટે મારી ફરજ સમજીને માર્ગ દર્શન મેળવવા ઇચ્છતા મુલાકાતીને હું ભવબંધનમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ બતાવવા પ્રયત્ન કરૂં છું.

**મેં સૂચવેલા નવસૂત્રો તો જીવન મુક્તિના દરવાજા છે. પ્રત્યેક સૂત્ર જીવનને મોકળાશ, હળવાશ અર્પે છે, પ્રત્યેક સૂત્રનું આચરણ જીવનને માયાના બંધનમાંથી મુક્ત કરશે. માનવતા વ્રતનું આચરણ તો જીવન મુક્તિનું ખુલ્લું મેદાન છે. ઉભયના આચરણથી જીવન સદગુણી બનશે સંસારમાં સુખ, શાંતિ, સંતોષ સ્થપાશે. અહમ્ છુટશે અને કર્મ બંધનમાંથી મુક્ત થવાનો માર્ગ પળશે.**

**સતીશ -૩** **સંસારે સરસા રહો છો સદાતમ્**
**પરંતુ દહીં-દૂધ સમ ન્યાય છે અમ**
**પગ ટેકવું બન્નેમાં શી રીતે હું ?**
**છે ન્યાય કોનો ? કોને કહો તમ ?**

**વિવરણ :-** ગુરૂદેવ ! આપતો એટલા સક્ષમ છો કે, સંસારમાં સંસારના ન્યાય-ત્રાંજવાં-કાટલાં અનુસાર રહો છો, અને છતાં પણ પરમની-માતાજીની સમક્ષ હરક્ષણે રહો છો. સંસાર અને પરમ એ બે વચ્ચે આપ પૂર્ણ વિવેક જાળવી શકો છો. કારણ કે આપતો સ્વંય સ્પષ્ટ છો. આપને સંસારનો સ્પર્શ થતો નથી. અમારાથી તો બંનેમાં એક સાથે પગ રાખવો શક્ય નથી બનતું. દહીં અને દૂધ બન્નેમાં એક સાથે પગ કેવી રીતે રાખવો ? યાદ રહે કે દહીં અને દૂધના ગુણધર્મો પાયામાંથી જ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ સમ છે. જુદા છે. સંસારમાં રહીને ભક્તિ કરવી, પરમને પામવા, પરિશ્રમ કરવો દુર્ગમ છે. આ ન્યાય કોનો છે. કોને માટે છે. કોને સંભળાવો છો. સ્પષ્ટીકરણ કરવા વિનંતી.

**રાજ -૩** **સંસાર, પરમનું સર્જન**
**દધિ મંથન સહાય કરતો રહું**
**ગોરસની મઝા માણતો રહું**
**પંચામૃત સદાય પીરસતો રહું**
**ક્ષમતા કેળવતા રહો**
**પંચામૃતનું પાન કરતા રહો**
**સંસારને નિરપેક્ષભાવે માણતા રહો.**

**વિવરણ :-** સંસાર પરમાત્માનું સર્જન છે. હું તો હંમેશાં સંસારના પ્રશ્નોને ઉકેલવાનો, સુલઝવવાનો પ્રયત્ન કરતો રહું છું અને તેમાંથી ગોરસ સમ આનંદ, મસ્તીની મઝા માણતો રહું છું. સંસારના સારનું પંચામૃત માનવજાતને હંમેશાં પીરસતો જ રહું છું. આપ સર્વે પંચામૃતનું પાન કરવાની ક્ષમતા કેળવતા રહો અને સંસાર સાગરના વમળમાં અટવાયા વગર નિરપેક્ષ ભાવે સંસારના વિવિધ રસોના સારને માણતા રહો, આનંદ કરતા રહો.



Scanned by CamScanner

**સતીશ -૪** **તમે પ્રેમ ઘેલા થઇને ફરો છો**

**દિવાની બે આંખોથી એક જ જુઓ છો**

**જુઓ તો જુઓ માત સઘળે ભલે પણ**

**અમે ડાહ્યા, દિવાના શાને કરો છો ?**

**વિવરણ :-** ગુરૂદેવ ! તમે તો માતના દિવ્ય પ્રેમના દિવાના છો. તમારી બંને આંખો માતાજી સિવાય અન્ય કંઇ જ જોતી નથી. ભલે આપ માતાજીને જ જુઓ, પરંતુ અમે સંસાર ડાહ્યા, સંસારની વાત, ડાહ્યા માણસોને પણ બહાર તમારી સાથે ખેંચી જઇને તમારી દિવાનગીમાં ઝબકોળી દે છો.

માતાજીના દિવ્ય પ્રેમની દિવાનગીમાં, અને તે ય ગુરૂદેવની નીશ્રામાં, સાન્નિધ્યમાં ગળાબૂડ થયા પછી નથી રહેતો સંસાર કે નથી રહેતું ડહાપણ. બુધ્ધિને વિદાય લીધા સિવાય છુટકો જ નથી થતો. શ્રધ્ધા, બુધ્ધિને વિદાય આપી દે છે. અને આપણો હાથ પકડીને માતની શરણાગતિમાં સોંપી દે છે.

**રાજ -૪** **પાગલ પ્રેમી પરમનો હું**

**પરમની મસ્તીમાં મસ્ત રહું**

**સેવા કાર્યોમાં વ્યસ્ત રહું**

**પાગલોની જમાત જમાવતો રહું**

**માનવતાના પંથે પ્રેરતો રહું**

**આશિકોનું શ્રેય કરતો રહું.**

**વિવરણ :-** પરમશક્તિ મા ભગવતીનો હું પાગલ પ્રેમી છું. હું માતાજીની દિવ્ય મસ્તીમા મસ્ત રહી નિજાનંદમા સદાય ભીંજતો રહું છું. માતાજીએ સોંપેલ સેવાકાર્ય જ મારા જીવનનું ધ્યેય છે. મારા સાનિધ્યમાં આવતા ત્રસ્ત માનવીઓને પરમના પ્રેમમાં વ્યસ્ત કરવાનો હું સતત પ્રયત્ન કરૂં છું, અને એ રીતે પંથ ભૂલેલા પ્રવાસીઓને પરમના, ધાર્મિકતાના, ફરજના, નિષ્ઠાના, પુરૂષાર્થના પંથે વાળીને માનવતા પ્રગટાવવાનો પ્રયત્ન કરતો રહું છું.

**સતીશ -૫** **મળે કૃષ્ણ તો કંઇક કેવું છે એવું**

**વગાડો ભલે વાંસળી પણ વને જઈ**

**ભલે રાજયોગી, છતાં પણ છે બાળ**

**ભલે નાચે એ, પણ નચાવે છે અમને**

**વિવરણ :-** સદભાગ્યે જો કૃષ્ણનો ભેટો થઈ જાય તો કહેવું છે કે, ભલે તે વાંસળી વગાડો પરંતુ વનમાં જઈને અહી. વસ્તીમાં નહિં અમારા સદગુરૂ રાજયોગીજી ભલે છે પરંતુ હજુ બાળ છે. - બાળક છે. બંસરીના નાદે તેઓશ્રી નાચી ઉઠે છે અને સાથે સાથે અમે, તેમના ભક્તોને પણ નચાવે છે.

સદગુરૂ પરમ યોગી છે, બાળયોગી છે માતયોગી છે પરંતુ ભક્ત ભાવમાં બાળસહજ સંપૂર્ણ નિર્દોષતા ધરાવે છે. તેમના પક્ષે સંપૂર્ણ પારદર્શકતા છે. બંસરી અને તેય કૃષ્ણની બંસરી તો દિવ્ય પ્રેમના આલાપની પૂરેપૂરી દ્યોતક છે. તેનો સૂર બ્રહ્મનાદ છે. કોઈપણ હૃદય જો નાચી ઉઠે તો આ તો રાજયોગીનું હૃદય છે. એટલે નાચી ઉઠવું અતિશય સ્વાભાવિક છે. બાળ સ્વભાવ છે કે, એ કરે તેમ



Scanned by CamScanner

બીજાએ કરવું.

નૃત્ય એટલે કેવળ પ્રેમ-આનંદ-ખુશીનું પ્રગટીકરણ. સંસારના સઘળા ભાવોનું વિસ્મરણ. અમે, તેમના ભક્તોને પણ આ સ્નેહના સૂરાંમાં તેઓ ભેળવી દે છે. તેમના આવા દર્શનથી અમે જાતને-સ્વને ભૂલી જઈએ છીએ. અને **"સબ સાથ જગન્નાથ"** થઈ જઈએ છીએ.

મીરાં અને કૃષ્ણ, મીરાં અને ભક્તિ, મીરાં અને સંસાર, શી ખબર શું છે? એ નાચે છે, અમને નચાવે છે.

**રાજ -૫** **જો કૃષ્ણ જાય વનમાં,**
**વન બને વૃંદાવન,**
**વાંસળીના સૂર છેડાતા રહે,**
**બ્રહ્મનાદ ગુંજતો રહે,**
**બ્રહ્માંડ ડોલતું રહે,**
**બાળ રાજયોગી જમાવે જો રંગત,**
**ભક્તો સ્વયમ્ નાચી ઉઠે, ઝૂમી ઉઠે,**
**નિજાનંદમાં ડૂબતા રહે.**

**વિવરણ :-** શ્રી કૃષ્ણને વાંસળી વગાડવા વનમાં જવાનું કહેવામાં આવેતો વન સ્વયમ્ વૃંદાવન બની જાય. વાંસળીના સૂર છેડાતાં જ બ્રહ્મનાદ ગૂંજી ઉઠે અને અખિલ બ્રહ્માંડ ડોલતું થઈ જાય.

બાળ રાજયોગી જો આવી કોઈ રાસ, ગરબા કે ધૂનની રંગત જમાવે તો ભક્તોનાં દિલ ડોલવા લાગે, સ્વયમ્ નાચી ઉઠે, ઝૂમી ઉઠ, બાળ રાજયોગીની વિવિધ મુદ્રાઓ, ચેષ્ટાઓને માણતા રહે નિજાનંદની મસ્તી અનુભવતા રહે.

**સતીશ -૬** **હોતો નથી વરસાદ પણ ભીંજાઈ જાઉં છું.**
**દેખઈ જ તમને હું રીઝાઈ જાઉં છું.**
**ગુનેગાર છું છતાં રંગે હાથના હજુ**
**લીધી ક્ષમા પછી વધાઈ ખાઉં છું.**
**કે'શો તમારી આ "ક્ષમા"ની વ્યાખ્યા**
**કે શરાફતનો એકડો**
**કયમ ઘૂંટાવી જાઉં છું.**

**વિવરણ :-** બીન બાદલ બરસાત - વરસાદના અસ્તિત્વ સિવાય ભીંજાઈ જવું - તેમના દર્શન માત્રથી રીઝાઈ જવું આ ઘટના તો પરમના અવતારીને ફાળે જાય છે. કોઈ વિરલ હસ્તીના દર્શનથી આ હકીકત ઘટી શકે. અન્યથા નહીં. રાજયોગી આવી હસ્તી છે.

તેમના સાનિધ્યમાં આવનારાઓમાં નો હું મારા કર્મોની સજાઓનો ભોગવટો કરતો હું તેમને નમું છું ત્યારે છુટકારા માટેજ, મારા વંદન હોય છે. જગત ભલે મને વંદન કરતો દેખે છે, પણ હું તો મારી ગુનાહિતતા રજુ કરીને ક્ષમા યાચના જ કરતો હોઉં છું. રાજયોગી નિશ્ચિંત પણે તોય ક્ષમા આપે છે.

આશિર્વાદ આપે છે. જેમ સર્વેને આપે છે તેમ મને પણ. તેમનું હૃદય કેમ ક્ષમા આપી દે છે? કેમ હું આ રીતે પછીથી જગતની પાસે 'શરીક' હોવાનો દાવો કરી શકું છું. હું નિર્દોષ કેમ જાહેર થઈ જાઉં છું?

**રાજ -૬** **આ ઇમારત માતની મૂડી**
**ધરી ભેટ જગ કલ્યાણ કાજે**
**ચળકાટ અર્પે અસલી હીરો જગતને**
**નમન થાયે, આશીષ મળી જાયે**
**ભીંજાઈ જશો, પ્રેમ વર્ષામાં, તૃપ્ત થાશો.**

**વિવરણ :** રાજયોગી રૂપી ઈમારત પરમશક્તિ મા ભગવતીની મિલ્કત છે. જગતના કલ્યાણ અર્થે જગતને ભેટ આપી છે.

જગતના અજ્ઞાન, અંધશ્રધ્ધા, કુરિવાજો રૂપી અંધકારને વિદારી, નવા ક્રાંતિકારી વિચારોની નવાજોશ કરે છે, પ્રેમથી સધિયારો આપે છે, માર્ગદર્શન આપે છે.

તેમને મનથી નમન થઈ જાય તો પણ આશિષ મળી જશે, તેમના નિર્દોષ પ્રેમમાં તમે ભીંજાઈ જશો, સંતોષ અને શાંતિ અનુભવશો.

**સતીશ-૭** **જીવો છો જે તમે, ક્ષણભરતો આપશો?**
**બોલો છો તે બધું, રતિભર તો આપશો?**
**વંદન કરું બે હાથ, જોડી જો આપશો.**
**ભલે પછીના કંઈ જ મને તો આપશો.**

**વિવરણ :-** જે ખ્યાલથી જે ભાવથી, જે અંતઃકરણથી જે બુધ્ધિ-હૃદયના સુમેળથી આપ આપના જીવતરને આગળ ને આગળ ધપાવી રહ્યા છો તે ભાવ, તે જીવન-ભાવ મને માત્ર એક ક્ષણ માટે પણ આપશો? તમે જે કાંઈ બોલો છો-બુધ્ધિની ગળણીમાં ગળાયા વિનાનું, કંઈ પણ પાસ લાગ્યા વિનાનું - એટલે કે હૃદયની વાણી - તે વજનમાંથી મને માત્ર રતિભાર આપશો? અને ત્રીજી વાત એવી છે કે -મારે વંદન કરવા છે તો મારા બે હાથ તમે જોડી બતાવશો? મને તો જોડતાં આવડતા નથી. અર્થાત મને ભક્તિ શીખવશો? બસ આટલું કરશો પછી કંઈ નહિં માગું. અહીં જીવન એટલે માત્ર શ્વાચ્છોશ્વાસ - ના ધબકારાથી ચાલતું શરીર યંત્ર નહિ કે સસારના હક્ક-ફરજો બજાવવાના હિસાબ કિતાબ નહિં.

**રાજ -૭** **માંગો નહિં, મળી જશે.**
**રતિભાર નહિ, જામ છલકાઈ જશે.**
**ઉઘાડી રાખજો બારી,**
**પ્રવેશ કરશે રાજયોગી ,**
**નમન દીલથી થઈ જાશે.**

**વિવરણ -** પરમાત્મા પાસે, સંત કે સદગુરૂ પાસે સાચા ભક્તો કે શિષ્યોએ કંઈ માંગવું જ ન પડે એ તો દિલના દિલાવર અને સિધ્ધિઓના સોદાગર હોય છે સાચી જરૂરિયાત તો તે મનભરીને સંતોષે છે.

તમારા અંતરના દરવાજા, હંમેશાં ખુલ્લા રાખજો, રાજયોગીનો પ્રવેશ તમારા દિલના



Scanned by CamScanner

દરવાજામાં થઈ જશે, પછી તો તમારે નમનના શિષ્ટાચારની જરૂર નહિં પડે. મનથી આપોઆપ નમી પડશે.

**સતીશ -૮** **કહે માત, મયૂર છો આપ તેના**
**અગર છે પીંછા અમ, અમે પણ છે તેના,**
**ટહૂકો ભલે આપ, પણ છે કંઈય અમ,**
**કળા વીણ નર્તન, કરે મોર કોના?**

**વિવરણ :-** માતાજી રાજયોગીને મોર તરીકે સંબોધે છે. રાજયોગી મોતાના ભક્તોને પીંછા તરીકે ઓળખે છે. જો મોર માતાજીનો છે તો પીંછા પણ માતાજીનાં જ છે. રાજયોગી પોતાની વાણી દ્વારા-ટહુકા દ્વાર માતાજીની વાણી બોલે છે. કળા વિહોણો ટહૂકો હોતો નથી. પીંછા વિહોણી કળા હોતી નથી, માટે પીંછા વિહોણી કળા હોતી નથી, માટે પીંછાવિહોણા મોરની કલ્પના કરવી મુશ્કેલ છે.

ગુરૂદેવ આપનું અને માતનું મિલન જ્યારે પણ થાય છે, જ્યાં પણ થઈ જાય છે, જેવું પણ થાય છે, આવું હરવખતે થયા કરે છે. આપતો માતના મયૂર છો, માતાજીને મળીને, નીરખીને આપનો **મનમોર કળા કરીને નાચી ઉઠે છે.** આનંદના અતિરેકમાં જગતની સુધબુધ નથી રહેતી. તો આવા પ્રસંગે - આ પ્રસંગે માની હાજરીમાં કળા કરતાં, પીંછા હાજર હોય છે? પીંછે મોર રળિયામણો-એવી કહેવત યાદ આવી જાય છે. કળા વગર મોરના નર્તનની શોભા કઈ રીતે હોય ? અને પીંછા વગર કળા ના હોય!

**રાજ -૮** **મોર હું માતના મનતણો,**
**પીંછા થકી શોભી રહું,**
**શિરે ધરી કલગી,**
**સ્નેહ, સેવા, સમર્પણતણી,**
**વાત્સલ્ય માતનું માણતો રહું,**
**અસ્તિસ્વને વિસરી જાઉં.**

**વિવરણ :-** હું તો માતાજીના મનનો મોરલો છું અને પીંછા થકી જ મોર શોભે. મોર એ સરસ્વતી, વિદ્યા, જ્ઞાનનું વાહન છે. મોરની પીઠ પર જગતના દ્વંદ્વોને સુલઝાવવાના જ્ઞાન, સમજનું વહન-ભાર મૂકવામાં આવ્યું છે.

સ્નેહ, સેવા અને સમર્પણની કલગી શિર પર ધરીને આ જ્ઞાનનું માતનો મોરલો-રાજયોગી વહન કરે છે, માતાજી જ્યારે પ્રત્યક્ષ મળે ત્યારે તો હું બાળસહજ તેમનું માતૃવાત્સલ્ય માણતો રહું છું. "હું" હું નથી રહેતો 'તું' માં (માતાજીમાં) ભળી જાઊં છું સમસ્ત અસ્તિત્વ વિસરાઈ જાય છે પરંતુ મોર હોય એટલે પીંછા તો હાજર હોય એટલે અખંડ મોર પીંછા સહિત "મા" માં ખોવાઈ જાય છે.

**સતીશ -૯** **લાગે છે કૈંકવાર**
**ભોગવું સાનિધ્ય કે સમાઈ જાઉં,**
**કરૂં કેમ, કેમ કે,**
**તમારાથી કમાઈ જાઉં.**
**વિચારનેય વાચા ક્યાં મળે છે હજુ?**
**એવું તો નથી, આજ તમે જ અમારામાં ખોવાઈ જાવ!**



Scanned by CamScanner

**વિવરણ :-** તમારી યાદ આવતાં, તમારૂં દર્શન કરતાં, તમારૂં સ્મરણ કરતાં, તમારી નિશ્રા મળતાં કે સાનિધ્ય થતાં કંઈકવાર એવું થયા કરે છે કે, સાન્નિધ્ય માણ્યા કરૂં કે સારોને સારો - આખો ને આખો કશું જ બચ્યા વગર તમારા -માં સમાઈ જાઉં -પરિવર્તિત થઈ જાઉં. કોઈ અસ્તિત્વ મારૂં રહે નહિં, હું કેમ કેમ, કરૂં કે તમારાથી આવી કમાણી મને મળી જાય. આતો મારા વિચારો છે -વાણી -વર્તન કંઈક દૂર છે, પરંતુ હા, મારા આ વિચારો ના સમયે જ આપનો પ્રતિભાવ મળી રહ્યો છે કે આપ જ કરૂણા કરીને અમારા બધામાં બિરાજમાન થાવ છે. આપની આ નિર્વ્યાજ કૃપા છે. અમારા ગુણદોષોની તપાસણી -ચકાસણી વિનાની.

આજે તો આપનો જન્મ દિવસ છે સરકાર!

રાજ -૯ **સાનિધ્ય મેળવવા શૂરવીર બનવું પડે,**
**સમાઈ જવા અસ્તિત્વ ઓગાળવું પડે.**
**રટણ કરો અહર્નિશ, રગ રગમાં વ્યાપી જઈશ,**
**સજાવો હૃદય મંદિરને સ્થાન ગ્રહણ કરી લઈશ.**

**વિવરણ :-** સંતનું સાનિધ્ય મેળવવા, સમય ફાળવવો પડે, શૂરવીર બનવું પડે, સંતના જ્ઞાનને, શક્તિને, સિધ્ધિઓને શીખવા, સમજવા અને આત્મસાત કરવા માટે દ્રઢ મનોબળ, કેળવવું પડે, શિસ્તબધ્ધ થવું પડે. સતત સાનિધ્ય કેળવવાથી કદાચ સંતનું સામર્થ્ય પામી શકાય. જાણી શકાય. **સંતના વાણી, વર્તન, વિચારમાં એકરૂપ થઈ જવા માટે તેમની પ્રત્યેક ચેષ્ટાઓને સમજવા માટે, તેમના અસ્તિત્વમાં સમાઈ જવા માટે તમારો અહમ્ અળગો કરવો પડે, અસ્તિત્વને ઓગાળી દેવું પડે.**

**સંતના આદેશો અને આદર્શોનું સતત સ્મરણ કર્યા કરવાથી તે તમારી રગેરગમાં વ્યાપી જશે. તમારૂંહૃદય મંદિર પ્રેમના પુષ્પોથી આચ્છાદિત કરી દેશો તો, તે તે હૃદયમંદિરમાં સંત, સદ્‌ગુરૂ, સ્વયમ્ સ્થાન ગ્રહણ કરી લેશે.**

**સતીશ -૧૦ શીખા શીર પર, ધોતી ઢીલી શરીરે,**
**ઢીલું દીર્ઘ છે, ગોપી ચંદન કપાળે,**
**વળી બાહુ બન્ને ઉપર ભસ્મ ભાળું,**
**વીંટ્યું સર્પ સમ, કંઠે રૂદ્રાક્ષ જાળું,**
**છે છાબડી હસ્ત પુષ્પે ભરેલી,**
**સકળ શાસ્ત્ર લઈ ચાલે છે અલબેલી,**
**ફફડતા બે હોઠો ઉપર "રામ" ભાળું**
**ફરે ફેર ફુંદડી જ ભક્તિ નિહાળું,**
**સનાતન છે વાતો આ અમ થી પુરાણી,**
**રઘુકૂળ રીત સદા ચલી આઈ,**
**કહો રાજ! ભક્તિ નવી કઈ નિહાળી?**
**(કે) મશાલો ઘૂવડને ધરી શત ટાળી?**



Scanned by CamScanner

**વિવરણ :-** ધર્મની પુરાણી વ્યાખ્યા, ધર્મની સમજણ વિષેનું આ સનાતન -સંક્ષિપ્ત શબ્દચિત્ર પ્રસ્તુત છે. ભૌતિક ક્રિયાકાંડ -માંજ ધર્મનું ભક્તિનું સમાપન થઈ જાય છે. એવો એક ચાલ્યો આવતો ભાવ છે -ભાળ છે. ખરેખર આ તો ક્રિયા માત્ર છે, શ્રમ છે, દેખાવ છે.

ભક્તિ કે ધર્મની સાથે બહુ જ ઓછું સગપણ ધરાવે છે. આ ક્રિયા માત્ર યાંત્રિક છે. તમે ચાલ્યા જ કરો છો, પરંતુ રસ્તો કપાતો નથી તમારા પગ ત્યાંના ત્યાંજ. ફક્ત ડાબો-જમણો-લેફ્ટ-રાઈટ કર્યા કરે છે. તમને ક્રિયાનો થાક જરૂર લાગે છે.

રાજયોગીજીતો આધ્યાત્મિક આકાશના રીસર્ચ-સ્કોલર છે-વૈજ્ઞાનિક છે. કાંતિને પળેપળે આહ્‌વાહન કરે છે. કહો રાજ ! તમારી ભક્તિની રીત, ધરો તમારી મશાલ, અમે તો ઘુવડ છીએ.

**રાજ -૧૦** **ભક્તિની રીત મારી ન્યારી**
**નથી હોતી કશી ઔપચારિકતા**
**પરમ છે માત, તાત, બંધુ ને ભરથાર**
**નિભાવું એ નાતો પૂરા ભાવથી**
**ભાવનાની ભાગીદારી સતત વહાવું,**
**પ્રેમના પુષ્પોની માળા અહર્નિશ ગૂંથ્યાં કરૂં,**
**હૃદય સિંહાસન પર સદાય બિરાજીત કરૂં.**
**નથી માનતો પરમને મુજથી અળગો જરીએ.**

**વિવરણ :-** ભક્તિ કરવાની મારી રીત ન્યારી છે. એમાં કોઈ જાતની ઔપચારિકતા કે શિષ્ટાચાર નથી હોતાં. પરમાત્માને આપણે આત્મિય માતા, પિતા, બંધુ કે પતિ ગણીએ તો તેમની સાથે દિલથી સગપણ હોય અને આવો અંગત કુટુંબીજનનો નાતો પૂરા ભાવથી નિભાવવો જોઈએ. પરમાત્માની ભક્તિમાં, સતત સ્મરણમાં નિર્મળ ખળખળ વહેતી ભાગીરથી (ગંગા) જેવો ભાવ સતત વહેતો રાખવો જોઈએ. પુષ્પોની કુમાશ, મીઠાશ, સુવાસ સદા ય પ્રેમમાં વર્તાતી હોવી જોઈએ. **પરમાત્માને સદાય હૃદય સિંહાસન પર બિરાજમાન રાખીએ, સતત સ્મરણ, સાનિધ્ય રાખીએ તો પરમાત્માને શોધવા, ક્યાંય જવું નહિ પડે કે કોઈ ઔપચારિકતા, શિષ્ટાચાર દાખવવા નહિ પડે.**

**સતીશ -૧૧** **ચઢ્યો ચંદ્ર વૃશ્ચિકનો જ્યાં નભે ત્યાં,**
**પડ્યું નામ નરેન્દ્ર થી બાળ શોભે.**
**નથી એટલું કૂળ સંસાર શોભે,**
**દવે નામથી સારી સરકાર શોભે.**
**મળ્યા માત અણસાર, ગઈ કીર્તિ મોભે,**
**જગત પુછતું શાસ્ત્રીજી ક્યાં છે? શોધે,**
**વદયા વેદ છે, પરબ્રહ્મ ત્રિલોકે,**
**ગુરૂદેવમાં દેવ ત્રણેય શોભે.**
**મુજબાળ ઉચ્ચારતાં હોઠ હરખે.**



Scanned by CamScanner

**મયૂર માતની આંખે આંસુડાં સરકે,**
**સંબોધનો માત કહેતાંજ રીઝે**
**ને ભક્તના ભાવ ભીતર ભીંજે.**
**છો સત્ય, સરકાર સતીશ ના તમ,**
**મુકી શીશ ચરણે નયન બેઉ ભીંજે.**
**વિવિધ પૂણ્ય નામે જગત સારું જપતું**
**કહો રાજ! સૌથી અધિક નામ ગમતું ?**

**વિવરણ :-** પ્રત્યેક કુટુંબમાં નવજાત શિશુનાં સામાન્ય રીતે બે નામો હોય છે. એકતો હુલામણું નામ અને બીજું નામ જન્માક્ષર પ્રમાણે. જે રાશિનો ચંદ્ર કુંડળીમાં હોય તે અનુસાર નામથી તેને ઓળખવામાં આવે છે.

ગુરૂદેવ પણ આખરે તો આ અવનિ ઉપર આવ્યા છે. એટલે તે અપવાદ તરીકે રહ્યા નથી. તેમના જન્મ ચંદ્ર અનુસાર તેમનું નામ **"નરેન્દ્રભાઈ"** છે અને પછીતો ક્રમશઃ એકમાંથી અનેક નામો ઉમેરાતાં જાય છે..કામથકી, કીર્તિ થકી અને દિવ્ય માતના વિવિધ-વ્હાલસોયાં સંબોધનો થકી. યાદ રહે માતા પરસનબા પણ તેઓશ્રીને **"મારો રાજા"** કહીને બરડો પસવારતાં વહાલ કરી લે છે. આવાં કેટલાંક નામો - સંબોધનો વિશેષણોનો ઉલ્લેખ પ્રસ્તુત પંક્તિઓમાં કરેલ છે.

**ગુરૂદેવને પ્રશ્ન કર્યો છે કે તેમને સૌથી વધુ પ્રિય કયુ નામ છે?**

ગુરૂદેવ તો **યોગી** છે. તેમને અહીંની કાંઈ લેવા દેવા નથી. તેમને નામ.સાથે સબંધ નથી કામ સાથે સંબંધ છે. શેક્સપિયર કહે છે. " What is there in a name?"

**રાજ -૧૧ કાર્યો થકી નામ બોલે,**
**રહ્યો અલગારી, અલગ નામો બોલે.**
**માતના હોઠ પર જે નામ રમતું**
**તે નામ મુજને અદકેરૂં ગમતું.**

**વિવરણ :-** મનુષ્યના કાર્યો થકી જ તેનું નામ, બોલાય, મારા વિવિધ નામનું પણ તે પ્રમાણે જ છે. કોઈ સ્વામીજી, શાસ્ત્રીજી, દાદા, બાપા, ગુરુજી, વિગેરે ભાવથી સંબોધે માતાજી જુદાજુદા પ્રસંગે જે જે નામથી મને સંબોધે છે તે નામ જ મને વધારે ગમે છે. બાકી તો ભાવિકો જે ભાવથી મને યાદ કરે તે ભાવ મને ગમી જાય, સ્પર્શી જાય.

**સતીશ -૧૨.પેસું જીવન મંદિરે કઈ રીતે હું?**
**છે દ્વાર અગણિતને જાણું શું હું?**
**કહેશો મને, જાણીતું છે તમારું,**
**પછી થાય ના, દ્વાર ન હોતું એ મારૂં.**

**વિવરણ :-** જીવન પણ એક મંદિર છે. તેને અસંખ્ય દ્વાર છે. કયા દ્વારેથી પ્રવેશવું તે જીવને માટે તકલીફ રૂપ છે. ગુરૂદેવ માટે આ વાત આસાન છે, જાણીતા છે. તેઓશ્રી જે કોઈ દ્વારે આપણને લઈ જાય તેમાંજ આપણું શ્રેય છે. તેમના વિના, જરૂર હકીકત એવી બને કે -



Scanned by CamScanner

"દ્વાર ન હોતું એ મારૂં" અને જન્મો ફર્યા કરવું પડે.

રાજ -૧૨ પ્રવેશવા જીવન મંદિરમાં
શોધો શ્રધ્ધાનું દ્વાર
ઓળંગવો પડશે શરણાગતિનો ઉંબર
વગાડવો પડશે ઉપાસનાનો ઘંટારવ
અર્પણ કરવા પડે પ્રેમના પુષ્પો
(ત્યારે જ) નિજ મંદિરના દ્વાર ખુલશે.

વિવરણ :- જીવન મંદિરમાં પ્રવેશ કરવા માટે શ્રધ્ધાનું દ્વાર શોધવું પડશે. શ્રધ્ધાના દ્વારમાં પ્રવેશ થયા પછી શરણાગતિનો ઉંબર ઓળંગવો પડે, ઉપાસનાનો ઘંટારવ કરવો પડે, પ્રેમના પુષ્પો અર્પણ કરવા પડે ત્યારે જ નિજ મંદિરના દ્વાર ખુલે. શ્રધ્ધા, શરણાગતિ અને ઉપાસનાની સાથે પ્રેમ ભરેલું હૃદય હોય તો જ જીવન મંદિરના દ્વારમાં પ્રવેશ મળી શકે, પ્રવેશ'થઈ શકે.

ૐ મા ૐ

## "વાચા - એક પ્રેતની"

" પૂજ્ય ગુરૂદેવની સાતમી ફેબ્રુઆરીની પ્રેતાત્મા મુક્તિ યાત્રાના સંદર્ભમાં મુક્તિ પામેલા પ્રેતની કાલ્પનિક વાચા"

હેમંત ઉપાધ્યાય ૭-૩-૯૯

મૃત થયાં રાહ પર તોય આજે અમને અમૃત મળ્યાં,
યોગી શોધ્યાં નહીં જીવનમાં ક્યારેય, તો રાજયોગી આવી મળ્યાં,
કર્મનું જીવન એવું કે રસ્તામાં યમદૂત આવી મળ્યા,
ગંગાજળ પામ્યાં નહિં તો ગાયત્રીગંગામાં આવી ભળી ગયાં....

ચરણ આપનાં સ્પર્શ્યા નહિં તોય શરણ તમારાં પામી ગયાં,
શ્રધ્ધા કદી રાખી નહીં તોય, આજ તમને શરણાગત થઈ ગયાં.
હિસાબ ચિત્રગુપ્તના હુંડી તમારી એકથી ચુકવાઈ ગયાં,
ધર્મ અમારો ગમે તે હોય, માનવધર્મ તમે બજાવી ગયાં.....

વંદન કર્યાં નથી અમે તોય આશિષ તમે આપી ગયાં,
મળ્યાં નથી ક્યારેય જીવનમાં તોય જન્મોજન્મ આપનાં થઈ ગયાં,
શ્રાધ્ધ સગાંઓનું પહોંચ્યું નહીં, તો મુક્તિ તમે આપી ગયાં,
આપ પધાર્યા અમારા મરણસ્થળે, ને અમે કૂટિર જોઈ ગયાં....

પ્રાર્થના અમ સૌ પ્રેતાત્માઓની, રચો દરબાર અમારો,
સંગ માત તમે રહીને, કરો ઉધ્ધાર અમારો, કરો ઉધ્ધાર અમારો....

ૐ મા ૐ



Scanned by CamScanner

# શિવરાત્રી

તા.૧૪-૨-૯૯ રવિવારે શિવરાત્રીનો પાવનકારી દિવસ હતો. શ્રધ્ધાકુટિરનું પ્રાંગણ સાંજે પાંચ વાગ્યાથી ભાવિકોથી ઉભરાઇ રહ્યું હતું. શિવરાત્રી ઉત્સવની ઉજવણીનો ઉત્સાહ સૌના મુખ પર વરતાતો હતો. કુટિરમાં આલ્હાદક સુવાસ વર્તાતી હતી. સાંજે છ વાગે પૂજ્ય રાજયોગીજી કુટીરમાં પધાર્યા, ભક્તોએ જય જયકાર કરી અભિવાદન કર્યું. ગાયક પરિવારે "ૐ નમઃ શિવાય" ની ધૂન સાથે પ્રોગ્રામની શરૂઆત કરી. પ્રસંગને અનુરૂપ શિવજીના ભજનો ગવાયાં. રાજકવિ સતીશભાઇ અને પૂજ્ય ગુરૂદેવ રાજયોગી દ્વારા પ્રશ્નોત્તરી થઇ. પૂજ્યશ્રીએ ઉત્સવની ઉજવણીની યથાર્થતા સમજાવી. સાત્વિકતાના ક્ષેત્રમાં આગળ વધવાનો આપણે પુરૂષાર્થ ચાલુ જ રાખવાની શીખ આપી, મનનીય ઉપદેશ આપ્યો.

શ્રી મુંજાલભાઇના માર્ગદર્શન હેઠળ શ્રી કમલભાઇએ શિવાનંદ નૃત્ય - શિવજીનું આનંદ તાંડવ બહુ જ ભાવવાહી શૈલીમાં કર્યું હતું. પ્રોગ્રામની પૂર્ણાહૂતિ પરમશક્તિ મંત્રજાપ અને પરમશક્તિની આરતીથી કરવામાં આવી હતી. પૂજ્યશ્રીનો ઉપદેશ અને પ્રશ્નોત્તરી આ સાથે પ્રસ્તુત કરી છે.

## સાત્વિકતાના ક્ષેત્રમાં આગળ વધીએ

તા. ૧૪-૨-૯૯
રાજયોગી નરેન્દ્રજી

શિવ પરમાત્માના પ્યારા બાળકો,

આજે શિવરાત્રી છે. વર્ષોવર્ષ શિવઃજીની પૂજા, ઉપવાસ, શિવમહિમ્નઃ સ્તોત્રનો પાઠ, શ્રવણ, રૂદ્રી અભિષેક એમ વિવિધ રીતે શ્રધ્ધાળુઓ આ પર્વને ઉજવે છે. આ એક યાંત્રિક પ્રક્રિયા વારસાગત રીતે ઉજવાતી રહે છે.

અજ્ઞાન, અંધશ્રધ્ધા, અસાત્વિકતા અને અનીતિથી ઘેરાયેરા સમાજને જ્ઞાન, શ્રધ્ધા અને સત્યના પંથે વાળવાનો આપણો પુરૂષાર્થ અને પ્રયત્ન ચાલુ જ રહેશે તો જ આ પર્વની આપણી ઉજવણી સાર્થક ગણી શકાશે.

સ્વ અને સમાજમાં પરિવર્તન લાવવું હોય તો પ્રથમ તો વ્યક્તિએ પોતે સદ્ગુણોથી વિભૂષિત થવું પડે. અને પોતાના આત્મબળને મજબૂત કરવું પડે. નવસૂત્રોનું આચરણ, માનવતાવ્રતનું પાલન, મન, વચન, કર્મની પવિત્રતા અને સતત મંત્રજાપથી આપણા આંતરબાહ્ય વ્યક્તિત્ત્વને પવિત્ર બનાવવાનો અવિરત પ્રયત્ન અને પુરૂષાર્થ ચાલુ રાખવાનો છે આપણુ કાર્ય અન્યને માટે કલ્યાણકારી, આનંદમય બનવું જોઇએ. નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત થઇ જવુ જોઇએ.

આવા પવિત્ર અને સેવાભાવી જીવોને શિવ પરમાત્મા અપનાવી લે છે અને પોતાના પ્રીતિપાત્ર બનાવી દે છે.

સાત્વિકતાના ક્ષેત્રમાં આગળ વધવાનો આપનો પુરૂષાર્થ ચાલુ જ રાખજો. મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ



Scanned by CamScanner

# શિવરાત્રી પ્રશ્નોત્તરી

**શિવ રાત્રિ -૧**

**" શિવજી પુછું, રાત છો? આપ ક્યારે ?**
**જ્યાં આપ ક્યાં દિન છે દ્વારે દ્વારે**
**કૈલાસના કહેણ શાને સ્વીકારું?**
**"શ્રધ્ધા" તણ આપ આવ્યા છો વ્હારે".**

**સતીશ -૧ નથી ચંદ્ર કે સૂર્યમાં તેજ, એ છે, નથી વાયુ,ના અગ્નિની ઝાળ એ છે,**
**પ્રસ્થાન છે, પાછું વળવાનું ના છે, તે ધામ હે પાર્થ! મારું જ એ છે.**
**કહો ! સદગુરૂ, બાળ, હે રાજયોગી! શકું નહિં, માતના બાળયોગી**
**(કહો) સખા કૃષ્ણ સમ, આપનું ધામ ક્યાં છે?**

**વિવરણ :** શ્રીમદ્ ભગવદ્ગીતામાં કૃષ્ણાર્જુન સંવાદે શ્રી કૃષ્ણપાર્થને ચોખવટ કરે છે કે હું તારો સગો ફોઈનો દીકરો કે સારથિ નથી, પરંતુ મારૂં ધામ તો તે છે જ્યાં ચંદ્ર, સૂર્ય નું તેજ ઝગમગતાં નથી, નથી ત્યાં વાયુનો વીંઝણો કે નથી ત્યાં અગ્નિ-ત્યાં સ્વયં હું અને મારો જ પ્રાકશ - તેજ પ્રવર્તે છે. ત્યાં હું સિવાય અન્ય કંઈ નથી. આવા મારા પરમ ધામમાં જીવ માત્રે ગયાપછી પાછું ફરવાનું રહેતું નથી.

હે બાળ ! હે રાજયોગી ! સખા - મિત્ર કૃષ્ણનું ધામતો આવું છે! આપનું અસલી કયું અને કેવું ધામ છે?

**રાજ - ૧ હું છું માનવબાળ ધરાતણો**
**મયુરબાલ માતના મનતણો**
**શિસ્તબધ્ધ સૈનિક દિવ્ય સેનાપતિતણો**
**સદગુરૂ છું ભાવિકોના ભાવજગતનો**
**સ્થાન મારૂં તમારી શ્રધ્ધામાં**
**ધામ મારૂં ભાવિકોનું ભાવજગત**

**વિવરણ :** હું તો આ પૃથ્વીપર માનવબાળ તરીકે દવેકુળમાં જન્મ્યો છું. પરમશક્તિ મા ભગવતીની પ્રેરણા અને ઈચ્છાથી જ મારૂં અસ્તિત્વ વિકસી રહ્યું છે. પરમશક્તિ મા ભગવતીના મનનો હું મયુરબાળ છું, અને શિસ્તબધ્ધ સૈનિક બની માતાજીના આદેશનું પાલન કરૂં છું.

ભાવિક ભક્તોની ભાવનામાં હું સદ્ગુરૂ સ્વરૂપે વિદ્યમાન છું મારૂં સ્થન ભાવિકોની મારા પ્રત્યેની શ્રધ્ધામાં છે: મારૂં ધામ, નિવાસ ભાવિકોનું ભાવજગત છે. મને જે શ્રધ્ધાથી યાદ કરે ત્યાં મારી હાજરી, ઉપસ્થિતિ વરતાય છે.

**રાજ - ૨ શીતળ નિર્મળ પ્રેમઝરણું**
**અવિરત વહે માત-તાતના હૃદય હિમાલયેથી**
**વારસએ દિવ્ય માતતાતતણો.**

**પ્રેમરસ વહે મુજ રંગેરગમાં,**
**ધરા પર વહાવી રહ્યો.**
**પ્રેમરસની એ પાવનગંગા**
**તૃષાછીપાવો, પ્રેમરસનું પાન કરો**
**ખાલી પણાને ભરી દો, જીવન ધન્ય થાશે.**

વિવરણ : માત-તાત-શિવ શક્તિના હૃદય હિમાલયેથી શીતળ નિર્મળ પ્રેમનું ઝરણું અવિરત વહેતું રહે છે. દિવ્ય માતપિતાના વારસ તરીકે તેમના દિવ્ય પ્રેમરસનું ઝરણું મારી રગેરગમાં વહી રહ્યું છે.

માનવ સેવાના કાર્યયજ્ઞમાં આ પ્રેમરસની પાવનગંગાને હું વહાવી, તૃષાતુર, દુઃખ, અશાન્તિમાં ઘેરાયેલા માનવોને પ્રેમરસથી ભીંજવી દઉં છું શાન્તિનો અનુભવ કરાવવા, હળવાશ અનુભવવા પ્રયત્ન કરૂં છું.

આપ સર્વે આવો, પ્રેમરસનું પાન કરો, તમારા જીવનના ખાલીપાને ભરીદો અને ધન્યતાનો અનુભવ કરો.

**સતીશ - ૨ પૂજારી તમે પ્રેમના છો ફુવારા,**
**થનક થૈ - મયૂર માતના છો દુલારા.**
**પીધા છે તમે પ્રેમના કેવા પ્યાલા?**
**કે, પ્રેમી, પરંતુ અમે નિત્ય ઠાલા!**

**વિવરણ :** તમે સરકાર!તો પ્રેમના ફુવારા છો. તમને પ્રેમ-સંકલ્પ સિવાય તમને કંઈ સ્વીકાર્ય નથી. તમે દિવ્ય બાળ છો તમારું સારું ય અસ્તિત્વ પ્રેમમય છે. તો પ્રશ્ન થાય છે કે તમે કયા પ્રેમના પ્યાલા પીધા છે? તમે કેવા પ્રેમનું સવાગત - સ્વીકાર કર્યો છે? પ્રેમની તમારી વ્યખ્યા શી છે? રીત શી છે? પ્રેમીતો અમે પણ છીએ. અમને પ્રેમ ગમે છે. - પ્રેમ અમારો વ્યાસંગ છે. છતાંય અમેતો છેવટે ઠાલા ને ઠાલા - ખાલીના ખાલી જ રહીએ છીએ! અમે તો પ્રેમ કાજે સઘળે ફાંફાં મારતા જ રહીએ છીએ.

**સતીશ - ૩ તમે નિત્ય સાગર સમા રાજયોગી!**
**અમે બુંદ સરખા બધા કર્મ-ભોગી**
**ખોવાઈ જાવું સરિતા સમું તો!**
**વ.....હી જઉં સ્પર્શ દો માતયોગી!**

**વિવરણ :** હે રાજયોગી ! તમે સાગર સમ વિશાળ, શક્તિમાન, સદા ઉછળતા, ઘૂઘવતા અને સૌને રીઝવતા છો. તમે તો નિત્ય છો. તમારો આદિ-અંત નથી, તમે તો અવિનાશી છો. અમે તો અનિત્ય - સદાય પરિવર્તનશીલ અને મૃત્યુને વશ થનારા છીએ.

અમે સાગરમાંના એક ટીપાં સમા છીએ. અમારે તમારામાં ખોવાઈ જવું છે. સમાઈ જવું - પરિવર્તિત થઈ જવું છે. અમારે તમારામાં અસ્તિત્વ ખોઈ બેસવું છે. નદી બન્યા વગરતો સાગરને મળી શકાય નહિં. નદી બન્યા સિવાય રેલો ના ચવાય. વહી ના જવાય. તો વહી જવા માટે હે સદગુરૂ તમારો સ્પર્શ માત્ર પર્યાપ્ત છે - તો આપશો?



Scanned by CamScanner

રાજ - ૩ **હું હતો બુંદ ભવસાગરમાં**
**સમાવ્યો માતે મને પ્રેમસાગરમાં**
**પ્રેમસાગરમાં હિલોળતો રહું**
**પ્રેમ બુંદ ઉછાળતો રહું,**
**ભાવિકોને ભીંજવતો રહું.**
**સાગર સદાય સમાવે બુંદને**
**પુરૂષાર્થ કરી આવો સાગર પાસ**
**સ્પર્શ શું? સમાવી લેશે નિજ અસ્તિત્વમાં**

**વિવરણ :** મારૂં અસ્તિત્વ આ ભવસાગરમાં સંસાર સાગરમાં એક બુંદ સરીખું હતું. માતજીએ મને તેમના પ્રેમસાગરમાં સમાવી લીધો અને બુંદનું અસ્તિત્વ વિલિન થઈ ગયું. હવે તો **હું માતના પ્રેમસાગરમાં હિલોળતો રહું છું. આનંદ કરતો રહું છું. પ્રેમના બુંદ ઉછાળીને ભાવિકોને, ત્રસ્ત માનવોને પ્રેમરસમાં ભીંજવી દઉં છું.**

સાગરની વિશાળતા છે કે તે બુંદને સરિતાને કે અન્ય કોઈને પણ પોતાનામાં સમાવવા તત્પર હોય છે. **આપને માતાજીના પ્રેમસાગરમાં ખોવાઈ જવું હોય તો શ્રધ્ધા અને શરણાગતિ ભાવથી પુરૂષાર્થ કરી આવી જાઓ, પોતાના અસ્તિત્વમાં જ તમને સમાવી લેશે.**

**સતીશ - ૪ રેલાય છે તુજ તેજ, મમ હૃદયની શિશિર પર.**
**ખીલશે હવે ફુલો, હૃદય વસતે શંકાવગર.**
**તાસીર બદલતો રહે છે, તકદીર બદલતો રહે છે.**
**મૂકો છો હસ્ત શિરે, (જે) અમને કહ્યા વગર**

**આપે છે પ્રેમપત્રો, રાત્રિથકી જે માતે**
**ઉત્તર વહાવો અશ્રુ, જીભને પૂછયા વગર.**
**(આપના વિચારો આપો.)**

**વિવરણ :** આ ત્રણે મુક્તકોમાં વાત અલગ અલગ છે, પરંતુ બધાનુ હાર્દ એક છે શિશિર પછી વસંત આપનું તેજ - આષિશ, અમારા જીવનની શિશિર પર વીંટળાય છે. એટલે વસંત આવશે, અને અમારૂં હૃદય હવે પુલકિત, હર્યુ ભર્યું થઈ જશે. પુરી હળવાશથી અમે ભરાઈ જઈશું.

આપના આશીર્વાદનો શીળો હસ્ત જે અમને મળે છે, માગ્યા વગર, શરત વગર, જાણવગર, તેનાથી હવે તાસીર-તકદીર બદલાઈ જશે. અમે ભાગ્યવંતા થઈશું.

રાત્રિના માધ્યમમાં માત આવીને આપના પર પ્રેમ ઠાલવે છે, જેના પ્રત્યુત્તર રૂપે, પ્રતિસાદ રૂપે આપતો કેવળ અશ્રુઓથી ઉત્તર આપો છો. જીભને કંઈ પુછતા નથી. વાણી દ્વારા આપ કશું જ વ્યક્ત કરતા નથી.



Scanned by CamScanner

રાજ - ૪ મારા વિચારો

(૧) આપની શ્રધ્ધા, શરણાગતિ અને માતાજીની કૃપા હોય તો જ જીવનની શિશિર, વસંતમાં પલટાઈ જાય તેમજ તકદીરની તાસીર પણ બદલાય, શંકા કાઢવા માટે કે ઉદ્‌ભવ ન થવા દેવા માટે ગુરુદેવમાં, પોતાના ઈષ્ટદેવમાં અતૂટ શ્રધ્ધા અને શરણાગતિ આવશ્યક છે.

(૨) પરમાત્મા સ્વયમ્ કે સંતપુરૂષનું સાનિધ્ય મળે, આશિષની વર્ષા કરે પરંતુ તેને પચાવવાની આપણે ક્ષમતા તો કેળવવી પડે ને!

કૃષ્ણ ભગવાનને કૌરવો પહેચાની શક્યા નહિં તેમની વિશિષ્ટ શક્તિઓનો લાભ લઈ ન શક્યા અને વિનાશને વર્યા. કંસને કૃષ્ણનો સ્પર્શ થયો તો પણ કંસની ક્ષમતા ન હોવાથી તેનો વિનાશ થયો.

રાવણ રામની દિવ્યતાને પહેચાની ન શક્યો અને તેનો વિનાશ થયો. ભગવાન કે સંતનો હસ્ત અડવાથી, કે દર્શન માત્રથી જીવનમાં વસંત આવી જતી નથી કે દુઃખો દૂર થઈ જતાં નથી. તેમના આદેશોનું પાલન થાય તેમના આદર્શોને અનુસરાય તોજ તકદીર બદલાય, તાસીર બદલાય.

(૩) માતને બાળક મળે કે બાળકને માત મળે અથવા પ્રેમીને પ્રેમી મળે ત્યારે હૃદયના ભાવ, સ્પંદનો એટલા બધા ઉછળતા હોય કે છે કે વાચા હણાઈ જાય છે. પ્રેમાશ્રુ સિવાય અન્ય કંઈ જ કરવા કે

## સુખનું મોતી

માનવી એક વસ્તુ મેળવવા મથે છે. એ માને છે કે એ વસ્તુની પ્રાપ્તિ એને સુખ ને શાંતિ આપશે. પરંતુ એ વસ્તુ જ્યારે એને મળે છે. ત્યારે એનો ઉપભોગ કરવાની એનામાં શક્તિ હોતી નથી. વસ્તુની પ્રાપ્તિ માટેના પ્રયાસોમાં જ એની સર્વશક્તિ વેડફાઈ ગઈ હોય છે. એટલે આખરે એને ઈચ્છિત વસ્તુતો પ્રાપ્ત થાય છે. પણ એ વસ્તુની પ્રાપ્તિથી એને સુખ ને શાંતિ મળતા નથી. અને પાછી માયાવી લાલસાની મોહિની તો એને લલચાવતી એના મોહને આકર્ષતી એની અતૃપ્તિને આમંદાતી મોહકરૂપ ધારી સામે ઉભી જ હોય છે. અને પછી મૃગજળ પાછળ ભટકતા મૃગજળ જેમ મોહાંધ માનવની એની એજ દોડધામ અને પરિણામે પાછું એનું એ જ ધૂળ પરનું લીંપણ એની એ જ અ સંતોષની અતૃપ્તિની આગ ને સુખ - શાંતિ કે સંતોષને બદલે સંતાપના આસુ! માનવી જ્યારે સમજશે **સુખનું મોતી સંતોષની છીપમાંથી જ પાકે છે!** અને સાચી શાંતિ રાગના ત્યાગમાં, તૃપ્તિના ત્યાગમાંથી જ જન્મે છે.



Scanned by CamScanner

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## મે - જૂન ૧૯૯૯

| તારીખ | વાર | સમય | આયોજક | સ્થળ | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૬-૫-૯૯ | ગુરુવાર | - | અમદાવાદ થી મુંબઇ. | | |
| ૭-૫-૯૯ | શુક્રવાર | - | મુંબઇ થી લેસ્ટર, (યુ. કે.) | | |
| ૮-૫-૯૯ | શનિવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૯-૫-૯૯ | રવિવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૦-૫-૯૯ | સોમવાર | - | લેસ્ટર (યુ. કે.) થી ન્યુ જર્સી (યુ. એસ. એ.) | | |
| ૧૧-૫-૯૯ | મગળવાર | - | દીલીપભાઇ શાહ | ઓસન ટાઉન શીપ | ૭૩૨-૪૯૩-૮૦૨૩ |
| ૧૨-૫-૯૯ | બુધવાર | | કિરીટભાઇ પટેલ | કોલોનીયા, ન્યુજર્સી | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૧૩-૫-૯૯ | ગુરુવાર | - | કિરીટભાઇ પટેલ | કોલોનીયા, ન્યુજર્સી | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૧૪-૫-૯૯ | શુક્રવાર | - | ઠાકોરભાઇ પટેલ | એકોન, ઓહાયો | |
| ૧૫-૫-૯૯ | શનિવાર | ૫ - ૭ સાંજે | કાન્તીભાઇ પટેલ | ઇલ્કગ્રુવ, ઇલીનોઇસ | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૧૬-૫-૯૯ | રવિવાર | ૫ - ૭ સાંજે | કાન્તીભાઇ પટેલ | ઇલ્કગ્રુવ, ઇલીનોઇસ | ૮૪૭-૯૮૫-૦૮૬૪ |
| ૧૭-૫-૯૯ | સોમવાર | - | શીલુભાઇ અગ્રવાલ | બારરીજ, ઇલીનોઇસ | ૬૩૦-૪૫૫-૯૦૨૬ |
| ૧૮-૫-૯૯ | મગળવાર | ૫ - ૭ સાંજે | સુરેશભાઇ પટેલ | ઇવાન્સીલ, ઇન્ડીઆના | ૮૧૨-૪૨૪-૩૫૬૬ |
| ૧૯-૫-૯૯ | બુધવાર | - | બાલુભાઇ પટેલ | શેલ્બીવીલ, ટેનેસી | ૬૧૫-૬૮૪-૩૧૦૧ |
| ૨૦-૫-૯૯ | ગુરુવાર | ૫ - ૭ સાંજે | બાલુભાઇ પટેલ | શેલ્બીવીલ, ટેનેસી | ૬૧૫-૬૮૪-૩૧૦૧ |
| ૨૧-૫-૯૯ | શુક્રવાર | - | | - | - |
| ૨૨-૫-૯૯ | શનિવાર | ૫ - ૭ સાંજે | દીપેશ પટેલ | શાર્લોટ, નોર્થ કેરોલીના | ૭૦૪-૫૨૨-૮૩૧૬ |
| ૨૩-૫-૯૯ | રવિવાર | | પ્રદીપ પટેલ | વરજીનીઆ બીચ | ૭૫૭-૪૨૮-૨૯૨૨ |
| ૨૪-૫-૯૯ | સોમવાર | | પ્રદીપ પટેલ | વરજીનીઆ બીચ | ૭૫૭-૪૨૮-૨૯૨૨ |
| ૨૫-૫-૯૯ | મગળવાર | - | દેવેન્દ્ર પટેલ | વીલીયમ્સ બર્ગ | ૭૫૭-૨૨૯-૪૯૩૩ |
| ૨૬-૫-૯૯ | બુધવાર | | દેવેન્દ્ર પટેલ | વીલીયમ્સ બર્ગ | ૭૫૭-૨૨૯-૪૯૩૩ |
| ૨૭-૫-૯૯ | ગુરુવાર | | કિરીટભાઇ પટેલ | કોલોનીયા, ન્યુજર્સી | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૨૮-૫-૯૯ | શુક્રવાર | ૫ - ૭ સાંજે | કિરીટભાઇ પટેલ | કોલોનીયા, ન્યુજર્સી | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૨૯-૫-૯૯ | શનિવાર | ૫ - ૭ સાંજે | કિરીટભાઇ પટેલ | કોલોનીયા, ન્યુજર્સી | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૩૦-૫-૯૯ | રવિવાર | ૫ - ૭ સાંજે | રતીભાઇ મીસ્ત્રી | યુનીઅન સીટી ન્યુજર્સી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૩૧-૫-૯૯ | સોમવાર | ૫ - ૭ સાંજે | રતીભાઇ મીસ્ત્રી | યુનીઅન સીટી ન્યુજર્સી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૧-૬-૯૯ | મગળવાર | - | રતીભાઇ મીસ્ત્રી | યુનીઅન સીટી ન્યુજર્સી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨-૬-૯૯ | બુધવાર | - | કિરીટભાઇ પટેલ | કોલોનીયા, ન્યુજર્સી | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૩-૬-૯૯ | ગુરુવાર | - | કિરીટભાઇ પટેલ | કોલોનીયા, ન્યુજર્સી | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |



Scanned by CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪-૬-૯૯ | શુક્રવાર | - | કિરીટભાઇ પટેલ | કોલોનીયા, ન્યુજર્સી | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૫-૬-૯૯ | શનિવાર | - | ન્યુ જર્સી (યુ. એસ. એ.) થી લેસ્ટર (યુ. કે.) | | |
| ૬-૬-૯૯ | રવિવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૭-૬-૯૯ | સોમવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૮-૬-૯૯ | મંગળવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૯-૬-૯૯ | બુધવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૦-૬-૯૯ | ગુરુવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૧-૬-૯૯ | શુક્રવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૨-૬-૯૯ | શનિવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૩-૬-૯૯ | રવિવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૪-૬-૯૯ | સોમવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૫-૬-૯૯ | મંગળવાર | - | લેસ્ટર થી (યુ. કે.) થી મુંબઇ | | |
| ૧૬-૬-૯૯ | બુધવાર | - | મુંબઇ થી અમદાવાદ. | | |

## સમાચાર

૧. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યયજ્ઞ હોઇ તા. ૧૭-૪-૯૯ થી તા. ૨૦-૬-૯૯ સુધી નિલોપા પર મળી શકશે નહિં. તા. ૨૧-૬-૯૯ થી નિલોપા પર મુલાકાત ચાલુ થશે.

૨. પૂજ્યશ્રીનો સુરતનો કાર્યયજ્ઞ જુલાઈ ૧૭-૭-૯૯ અને ૧૮-૭-૯૯ શનિવાર અને રવિવાર
**સમય :** બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦
**સ્થળ :** ભગવાનદાસ જરીવાલા
વિજય નગર કો.ઓ. સોસાયટી, કૃષિમંગલ પાસે, મજુરાગેટ સુરત

૨. તા. ૨૮-૭-૯૯ બુધવાર ગુરુપૂર્ણિમા છે. પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.
**સમય** - સવારે ૯ થી ૧ વાગ્યા સુધી.
**સ્થળ** - પી. જી. મહેતા હોલ, શંકર આશ્રમ સામે. પાલડી, અમદાવાદ - ૭.

૩. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યયજ્ઞ હોઇ તા. ૩૧-૭-૯૯ થી તા. ૫-૯-૯૯ સુધી નિલોપા પર મળી શકશે નહિં. તા. ૬-૯-૯૯ થી નિલોપા પર મુલાકાત ચાલુ થશે.

૪. તા. ૭-૯-૯૯ મંગળવાર માનવતા દિન - પૂજ્યશ્રીનો જન્મ દિવસ છે.
પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.
**સમય** - સવારે ૯ થી ૧ વાગ્યા સુધી.
**સ્થળ** - પી. જી. મહેતા હોલ, શંકર આશ્રમ સામે. પાલડી, અમદાવાદ - ૭.

૫. તા. ૧૦-૧૦-૯૯ રવિવારથી ૧૯-૧૦-૯૯ મંગળવાર સુધી આસો નવરાત્રિ છે.
વિશિષ્ટ ઉપાસના કરવા ઇચ્છતા ઉપાસકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.
તા. ૧૮-૧૦-૯૯ સોમવારે દુર્ગાષ્ટમી છે.

Scanned by CamScanner

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## ઓગષ્ટ - ૧૯૯૯

| તારીખ | વાર | સમય | આયોજક | સ્થળ | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૨-૮-૯૯ | સોમવાર | - | અમદાવાદ થી મુંબઇ | | |
| ૩-૮-૯૯ | મંગળવાર | - | મુંબઇ થી યુ. કે. | | |
| ૪-૮-૯૯ | બુધવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૫-૮-૯૯ | ગુરૂવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૬-૮-૯૯ | શુક્રવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૭-૮-૯૯ | શનિવાર | ૩ - ૬ સાંજે | સવિતાબેન પટેલ | બ્રેડફોર્ડ | ૦૧૨૭-૪૫૦-૨૬૬૫ |
| ૮-૮-૯૯ | રવિવાર | ૪ - ૭ સાંજે | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૯-૮-૯૯ | સોમવાર | ૪ - ૭ સાંજે | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૦-૮-૯૯ | મંગળવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૧-૮-૯૯ | બુધવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૨-૮-૯૯ | ગુરૂવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૧૩-૮-૯૯ | શુક્રવાર | ૩ - ૫ સાંજે | જ્યોતિબેન પરમાર | ક્રોયડન | ૦૧૮૧-૬૭૯-૮૬૬૮ |
| ૧૪-૮-૯૯ | શનિવાર | ૪ - ૭ સાંજે | અમૃતલાલ પોપટ | વેમ્બલી | ૦૧૮૧-૯૦૨-૩૦૨૯ |
| ૧૫-૮-૯૯ | રવિવાર | ૪ - ૭ સાંજે | અમૃતલાલ પોપટ | વેમ્બલી | ૦૧૮૧-૯૦૨-૩૦૨૯ |
| ૧૬-૮-૯૯ | સોમવાર | - | યુ. કે. થી યુ. એસ. એ. | | |
| ૧૭-૮-૯૯ | મંગળવાર | - | દીલીપભાઇ શાહ | ઓશન ટાઉનશીપ | ૭૩૨-૪૯૩-૮૦૨૩ |
| ૧૮-૮-૯૯ | બુધવાર | - | દેવબાળાબેન પટેલ | કોલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૧૯-૮-૯૯ | ગુરૂવાર | - | દેવબાળાબેન પટેલ | કોલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૨૦-૮-૯૯ | શુક્રવાર | ૫ - ૭ સાંજે | દેવબાળાબેન પટેલ | કોલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૨૧-૮-૯૯ | શનિવાર | ૫ - ૭ સાંજે | દેવબાળાબેન પટેલ | કોલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૨૨-૮-૯૯ | રવિવાર | ૫ - ૭ સાંજે | રતિલાલ મીસ્ત્રી | યુનીઅન સીટી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૩-૮-૯૯ | સોમવાર | ૫ - ૭ સાંજે | રતિલાલ મીસ્ત્રી | યુનીઅન સીટી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૪-૮-૯૯ | મંગળવાર | - | દેવબાળા પટેલ | કોલોનીઆ | ૪૯૩-૨૪૬૧-૪૬૧૧ |
| ૨૫-૮-૯૯ | બુધવાર | - | દેવબાળાબેન પટેલ | કોલોનીઆ | ૭૩૨-૩૮૮-૨૪૬૧ |
| ૨૬-૮-૯૯ | ગુરુવાર | - | યુ. એસ. એ. થી યુ. કે. | | |
| ૨૭-૮-૯૯ | શુક્રવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૨૮-૮-૯૯ | શનિવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૨૯-૮-૯૯ | રવિવાર | - | પ્રદીપ વડેરા | લેસ્ટર | ૦૧૧૬-૨૩૫-૪૬૧૧ |
| ૩૦-૮-૯૯ | સોમવાર | - | યુ. કે. થી મુંબઇ | | |
| ૩૧-૮-૯૯ | મંગળવાર | - | મુંબઇ થી અમદાવાદ. | | |

Scanned by CamScanner